SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

JANUARY 2005

શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં
સર્વોપરિ શ્રી નરનારાયણ દેવના સાનિધ્યમાં
ધનુર્માસમાં રોજ હજારો મુમુક્ષુઓ ધૂન અને મંગળા
આરતીના દર્શનનો લાભ લેતા તેની એક ઝલક....



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1

નવા વણઝર (સરખેજ) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞનારાયણને આહૂતિ આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી બાજુમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી તથા પ.ભ.શ્રી વાસુદેવભાઈ ગજજર





આચાર્ય સ્વરૂપનો છેલ્લો ઐતિહાસિક પ્રસંગ

શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂળકોટ હાલાર (મૂળીદેશ) શિખરબધ્ધ મંદિરની ભૂમિપૂજન વિધિ શ્રી નરનારાયણદેવદેશના છઠ્ઠા પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી.(તા.૧૪-૧૦-૨૦૦૪)



શ્રી નરનારાયણદેવ દેશ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

તસવીરકાર :- પ.પૂ. નિવૃત્ત આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૮ જાન્યુઆરી - ૨૦૦૫

અનુક્રમણિકા

૧.	અસ્મદીયમ્	૪
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૫
૩.	આશીર્વચનો નો આસ્વાદ	૬
૪.	ઉદાર સહજાનંદ	૮
૫.	ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ	૧૧
૬.	શુધ્ધ ભોજન	૧૩
૭.	દિવ્ય જીવન વ્યવહાર	૧૪
૮.	દંભ	૧૫
૯.	જીવન પરિવર્તન કરે તે જ સત્સંગ	૧૬
૧૦.	ભાગવત ધર્મ મર્મજ્ઞ વૈરાગ્ય મૂર્તિ શ્રીનિષ્કુળાનંદ મુનિ	૧૭
૧૧.	સત્સંગ સુરભિ : આ ચંદન વસમાં લાગે તેવા નથી	૧૯
૧૨.	સંતકૃપા એ સુખ ઉપજે	૨૦
૧૩.	પ્રશ્નપેટી	૨૨
૧૪.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૩

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં : $ 100
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

ભગવાન સૂર્યનારાયણનો ધનરાશીમાં પ્રવેશ એટલે ધનુર્માસ. આ મહિના દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણનારાયણ પોતાના મોટાભાઈ દાઉજી તથા સુદામા આદિ મિત્રો સાથે ક્ષિપ્રા નદીના કિનારે સાંદિપનિ ઋષિના ગુરુકુળમાં ચોસઠ દિવસમાં ચોસઠ કળા શિખ્યા બાદ આ ધનુર્માસ દરમ્યાન ધનુર્વિદ્યા (ધનુષ્યની લડાઈ) શિખ્યા અને પારંગત બન્યા. ધનુર્માસમાં ભગવાન વિદ્યાર્થી બનીને ગુરુ આગળ વિદ્યાભ્યાસ કરે છે. તે અદ્‌ભૂત સ્મૃતિ માટે અત્રે મંદિરોમાં ભગવાન "વિદ્યાર્થી બનીને વિદ્યાભ્યાસ કરતા હોય તેવા સુંદર શણગાર ધારણ કરાવવામાં આવે છે. તથા વિદ્યાર્થીને પાઠશાળાનો સમય વહેલી પ્રભાતે હોય તેથી જ ભગવાનને થાળ વહેલા ધરાવવામાં આવે છે.

આ પવિત્ર મહિનામાં જગતના જીવો માટે કમુહૂર્તા છે. પણ ભગવાનના ભક્ત માટે ભગવાનનું ભજન કરવાની સિજન છે.

છેલ્લા ત્રીશ વર્ષથી અમદાવાદ મંદિરની પાઠશાળાના વિદ્યાર્થી સંતો દ્વારા શરૂ થયેલ મંગળ પ્રભાતની ધૂન આજે સફળતાનાં શિખરો સર કરીને ધૂન મહોત્સવ અમદાવાદ મંદિરમાં અદ્‌ભૂત શોભા અને પવિત્રતા પ્રસરાવનાર એક આનંદ ઉત્સવ બની રહ્યો છે. શિયાળાની ગુલાબી ઠંડીમાં નાના દીકરાથી લઈને દાદા સુધીના તમામને વહેલી સવારે મંદિરમાં ખેંચી લાવે છે.

આ વર્ષે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી વિદેશ પ્રવાસે હોવાથી પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી પ્રતિદિન વહેલી સવારે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી સ્વયં ઉતારીને ભક્તોને દિવ્ય દર્શનનો લાભ આપતા તથા પવિત્ર ધૂનમાં બિરાજીને ધૂન કરતા થકા ભક્તિના ઉત્સાહમાં ઉમેરો કરતા. ભગવાન શ્રીહરિ વચનામૃતમાં કહે છે. "ભગવાનને ભજવા એથી બીજી કોઈ વાત મોટી નથી." માટે ભગવાનને ભજવા પ્રતિદિન ભજન કરવું. સત્સંગ કરવો અને સેવા કરવી જેથી ભગવાનની પ્રસન્નતા આપણને સૌને પ્રાપ્ત થશે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ડિસેમ્બર - ૨૦૦૪)

૧. નવા વણઝર (સરખેજ) ગામે નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં પધાર્યા.
પ.ભ. વલ્લભભાઈ પોપટભાઈને ત્યાં પધરામણી, બાપુનગર.

૨. નવાવણઝર ગામે (સરખેજ પાસે) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.
વિરમગામ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)માં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.
શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા-પાલડી અમદાવાદમાં નૂતન મંદિરનું ભૂમિ પૂજન પોતાના વરદ્ હસ્તે કર્યું.

૪-૫. નરનારાયણનગર (કચ્છ) ગામે પધરામણી.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. પરસોત્તમભાઈ વિરજીભાઈ (દાસભાઈ)ને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. મુકુન્દભાઈ ભોગીલાલ મોદી (શ્રી ન.ના.દેવ ઓચ્છવીયા)ના શ્રી સ્વામિનારાયણ પ્રોવીઝન સ્ટોર્સમાં પધરામણી, સુભાષબ્રીજ.
પ.ભ. રમેશકુમાર રણછોડલાલ મારફતીયાને ત્યાં પધરામણી, મીઠાખળી.
પ.ભ. ભુરાભાઈ ગોવિંદભાઈ શેલડીયાને ત્યાં પધરામણી, બાપુનગર.
પ.ભ. દેવચંદભાઈ અરજણભાઈને ત્યાં પધરામણી, બાપુનગર.

૭. ઓમકાર ઈન્ટરનેશનલમાં પધરામણી, નવરંગપુરા.
પી. રિવ. (સિલીકા માર્કેટીંગ પ્રા.લી.)માં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. કૈલાશકુમાર ગઢવીને ત્યાં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલને ત્યાં પધરામણી (લગ્ન પ્રસંગે આશીર્વાદ પ્રસંગે), સોલા ગામ.

૮. અમદાવાદ મંદિરમાં સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી.
પ.ભ. કિશોરભાઈ બચુભાઈ કાશીયાણીને ત્યાં પધરામણી, ઈશનપુર.

૮-૧૨-૦૪ થી ૭-૧-૦૫ અમેરિકામાં સત્સંગ પ્રચાર અને સિડની (ઓસ્ટ્રેલીયા) મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

આશીર્વચનો નો આસ્વાદ

– ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી–બાપુનગર)


સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં સ્થાપેલી આચાર્ય પરંપરાના વિદ્યમાન છઠ્ઠા આચાર્ય શ્રીજી મહારાજના અપર સ્વરૂપ શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના મુખેથી જે મનુષ્યોએ આશીર્વચનો સાંભળ્યા છે તેના ભાગ્યની શી વાત કરવી ? ધીર, ગંભીર અને મધુર વાણી દ્વારા તેઓશ્રીના મુખેથી જાણે સ્વયં શ્રીજી મહારાજ બોલતા હોય ને શું ! એવી પ્રતિતી થાય છે. આપણને સુખ લેતા આવડે તો આજના સમયે પણ આપણને શ્રીજી મહારાજનો વિરહ છેજ નહિ ! શ્રીજી મહારાજે મોટા મોટા મંદિરો કરાવીને તેમાં શ્રી નરનારાયણદેવ આદિ પ્રતિમાઓ પધરાવી છે. એ સર્વ પ્રતિમાઓમાં અને શ્રીજી મહારાજમાં કોઈ ભેદ ન જાણવો. શ્રીજી મહારાજે પોતાની જગ્યાએ પોતાના અપર સ્વરૂપ એવા બે ધર્મવંશી આચાર્ય સ્થાપ્યા છે. સંતો અને શાસ્ત્રો આપ્યા છે. પછી શું જોઈએ ?

શ્રીજી મહારાજ જે સ્થળે અને જે સમયે જેવી જ્ઞાન વાર્તા કરવી ઘટે તે મુજબ સામા પાત્રનો વિચાર કરીને જ્ઞાન વાર્તા કરતા. તે મુજબ આપણાં પ.પૂ. મહારાજશ્રી પણ સ્થળ, કાળ અને હરિભક્તોની પાત્રતાનો વિચાર કરીને આશીર્વચન ઉચ્ચારે છે. શ્રીકૃષ્ણ ભગવાનના મુખેથી ગીતા પણ સ્થળ, કાળ અને પાત્રને ધ્યાનમાં રાખીને ઉચ્ચારાયેલી છે. તો હવે આવી રીતે પ.પૂ. મહારાજશ્રીના મુખ કમળથી ઉચ્ચારાયેલા આવા બે આશીર્વચનોનો આસ્વાદ માણીએ.

(૧) તા. ૭-૮-૨૦૦૪ એપ્રોચ (બાપુનગર) મંદિર સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિની સભા પ્રસંગે : એપ્રોચ મંદિરે આવીએ ત્યારે વિશેષ આનંદ એટલા માટે થાય છે કે એપ્રોચ મંદિર બનવાની શરૂઆત થઈ, ત્યારથી મંદિરનું સર્જન થયું ત્યાં સુધી અમે આ મંદિરને જોતા આવ્યાં છીએ. જેમ બાળક ને યુવાન થાય ત્યાં સુધી તેના પિતાએ જોયો હોય, પછી યુવાન થઈને પિતા સમક્ષ એ બાળક આવે અને તેના પિતાને જેમ આનંદ થાય તેમ આ મંદિરને શૂન્યમાંથી સર્જન થતું જોઈ રહ્યાં છીએ. મંદિરનું એલીગેશન, ડિઝાઈન, બાંધકામ અદ્‌ભૂત છે. સેવા કરનાર હરિભક્તોને ધન્યવાદ આપીએ છીએ.

સુદર્શનચક્ર, કલ્પવૃક્ષ, ચિંતામણી બધું મહારાજે આ સત્સંગમાં મુક્યું છે. સુંદરજીભાઈ સુથારે એક વાર મહારાજને પૂછેલું. શ્રીકૃષ્ણ ભગવાને ભક્તોની રક્ષા કાજે એક સુદર્શન ચક્ર રાખ્યું હતું. તમે કેમ કંઈ રાખ્યું નથી ? **ત્યારે મહારાજે એમ કહ્યું કે, અમે તો સુદર્શન ચક્ર દ્વારા અમારા ભક્તોની ૨૪ કલાક રક્ષા કરીએ છીએ. અમે આપેલ શિક્ષાપત્રી રૂપી સુદર્શન ચક્રના ૨૧૨ શ્લોક રૂપે ૨૧૨ દાંતા છે. તે પ્રમાણે વર્તશે તેનું અમે મૂર્તિમાં રહીને રક્ષણ કરીશું.**

નારાયણઘાટ મંદિર હિંડોળાનો



ઉત્સવ હતો. ત્યાં કીર્તનમાં એવું આવ્યું કે, મોર, બપૈયા, દાદુર બોલે : ઝરમર ઝરમર વરસાદ વરસે. **વાદળ ઘેરાતા હતા. વરસાદ વરસતો નહોતો. પછી એ સભામાં અમે પ્રાર્થના કરી, મહારાજે પ્રાર્થના સાંભળી, ખૂબ વરસાદ થયો. મહારાજ ના થઈને રહીએ તો મહારાજ આપણી શુભ વાસના પરિપૂર્ણ કરે છે.** મહારાજે બ્રહ્મચારીને સભામાં ઉભા થઈને બોલવાનો આગ્રહ કર્યો. **બ્રહ્મચારીએ કહ્યું કે એક જ ભગવાન છે અને સ્વામિનારાયણ સિવાય કોઈ ભગવાન નથી. તેમની આજ્ઞા પાળવામાં સુખ છે. અને આજ્ઞા લોપવામાં દુઃખ છે. બ્રહ્મચારી આટલુ બોલીને બેસી ગયા. હકીકતમાં બ્રહ્મચારીએ આટલામાં બધી વાત કહી દીધી. આટલી વાત ઉપર પારાયણ થઈ શકે.** એપ્રોચના હરિભક્તો બહુ સારા છે. આજ્ઞામાં રહે છે. એક સભામાં એક હરિભક્તને બોલવા ઉભા કર્યા. **તે હરિભક્તનું એક વાક્ય અમને બહુ ગમ્યું કે, 'ભલા થઈને બધાં હખણાં રહેજો, તો કંઈ વાંધો નહી આવે.' હખણાં રહેવાનું શિક્ષાપત્રી શીખવાડે છે.** તારીખ મુજબ મંદિરમાં જલ્દી પ્રતિષ્ઠા મહોત્સવ યોજાય અને સત્સંગ વૃદ્ધિ પામે એવી પ્રાર્થના કરી વિરમું છું.

(૨) તા. ૮-૮-૨૦૦૪ કર્મ શક્તિ (નવા નરોડા) મંદિર વિષ્ણુયાગ અને સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગની સભા : રાજા ક્યાં રહે ? કોઈ પૂછે, આપણે કહીએ કે રાજા મહેલમાં રહે. મહેલ ક્યાં હોય ? શહેરમાં હોય, જંગલમાં ન હોય ! જે રાજધાનીનું શહેર હોય ત્યાં રાજા રહે છે. ભરતખંડના રાજા કોણ ?



નરનારાયણદેવ ! ભરતખંડના રાજાની રાજધાની અમદાવાદ શહેર અને મહેલ કાલુપુર મંદિર જ્યાં રાજધાની હોય ત્યાં બધાં પ્રકારની કચેરીઓ હોય ! મહારાજને એક રાજા મળ્યા. મહારાજને કહે, અમે શામ, દામ, દંડ અને ભેદની નીતિથી રાજ્ય વહીવટ ચલાવીએ છીએ તમે સત્સંગ કેવી રીતે ચલાવો છો ? **મહારાજ કહે અમે પણ શામ, દામ, દંડ અને ભેદની નીતિથી જ સત્સંગ ચલાવીએ છીએ. રાજા કહે એ કઈ રીતે ? મહારાજ કહે જુઓ, સાંભળો શામથી અમે લોકોમાં ભગવાનની વાતો કરીએ છીએ. ભગવાનના બળ વાળી વાતો કરીએ છીએ દામને ઠેકાણે ભગવાનની મૂર્તિનો મહિમા કહીએ છીએ. ભેદ ! તો કહીએ છીએ કે આ જગત ખોટી વસ્તુઓનું બનેલું નાશવંત સ્વપ્ન તુલ્ય છે. જગત એ ખુલ્લી આંખનું સ્વપ્ન છે. સાચું તો એક માત્ર ભગવાનની શરણાગતિ છે. અને દંડ ! તો અમે નિષ્કુળાનંદ સ્વામી પાસે યમદંડ લખાવ્યો છે. મર્યાદામાં ન વર્તે, આજ્ઞા ન પાળે તો તેને દંડ થાય છે. જે સ્થળે જે વાત કરવી ઘટે તે કરીને સત્સંગ ચલાવીએ છીએ.**

મંદિરના નિર્માણમાં જે પરિશ્રમ થાય છે. એમાં મઝા આવે છે. આપણા મંદિર નિર્માણમાં આપણો ભાવ ભળેલો હોય છે ! નાનામાં નાના હરિભક્તની સેવા હોય છે. કોઈ આપણા મંદિરે આવીને મનોમન વખાણ કરે કે કેટલું સુંદર મંદિર છે ! તો પણ તેનું રૂડું થાય છે. હરિભક્તોની ભાવનાથી જે નિર્માણ થાય છે તે કંઈક જુદું જ હોય છે ! ૮-૧૦ વર્ષ પહેલાં લંડનમાં આપણું મંદિર બનેલું. ઉત્સવ પ્રતિષ્ઠા મહોત્સવ આવ્યો. સ્થાનિક લોકોએ ત્યાંની મ્યુનિસિપાલિટીને ફરિયાદ કરી કે આ મંદિરની નજીક શાળા છે. વળી આ દેશના લોકો ઘોંઘાટ બહુ કરે છે. કચરો ફેંકે છે. માટે ઉત્સવ બંધ રહેવો જોઈએ. ઉત્સવની શરૂઆત થઈ ગઈ. મહારાજ ઉત્સવમાં ભળ્યા.

(અનુસંધાન પેજ નં. ૧૦)

ઉદાર સહજાનંદ

– ચંદ્રકાંત મોહનલાલ પાઠક
(ગાંધીનગર)



અમે એમને સારી રીતે ઓળખીએ છીએ. ત્યાગી વર્ગમાં માત્ર બ્રહ્મમુનિ અને મુક્તિમુનિ ઓળખે છે. સરળ સ્વભાવના સાધુપુરુષ છે. લોક પ્રતિષ્ઠિત પ્રતિભા છે. શહેરના વેપારીઓ એમને આદર ભાવથી બોલાવે છે. નવાબ સાહેબ પણ એમને ભારે માન આપે છે. સાધુ, બાવા, સન્યાસીઓ પણ નમસ્કાર કરે છે, વંદે છે. તેઓ ભણેલા વિદ્વાન છે. શાસ્ત્રજ્ઞ પંડિત છે. તર્કશાસ્ત્રના પ્રાધ્યાપક છે. ઘણા વિદ્યાર્થીઓ તેમની પાસે ભણે છે. તેમના શિષ્યો છે. અમે બ્રહ્મમુનિને તેમની પાસે ભણવા મોકલ્યા હતા. ત્રીસ વર્ષની ઉંમરથી સંસાર છોડ્યો છે. બાર વર્ષ મૌન રાખ્યું. પાણીમાં બાજરાનો લોટ અને મીઠું મેળવીને એકવાર પી લેતા. પાંસઠની સાલમાં આપણા સંતો સુરત જઈ નવાબની વાડી લસાટપરામાં ઊતર્યા હતા. ભિક્ષા માગી લાવતા. જે કંઈ મળે તે બધું ભેગું કરી તેમાં પાણી નાખી ચોળીને ગોળા વાળતાં. હાથમાં લઈને ખાતા. નિર્વાહ માટે કોઈની પાસે લાંબો હાથ કરતા નહિ. વૃથાકાળ નિર્ગમન કરતા નહિ. એક મુનિ સત્સંગની ધર્મની વાત કરે. બીજા સરવે શાંતિથી સાંભળે, સત્યયુગ જેવું વાતાવરણ લાગતું. સંતોની આવી રીત જોઈને તેઓ આકર્ષાયા. પ્રસન્ન થયા. કારણ કે પોતે પણ તેવું આકરું તપ કરતા. તે પછી અડસઠની સાલમાં મુક્તમુનિ ત્યાં ગયા. તેમનો સમાગમ થયો. વાતો સાંભળી અને સત્સંગ સ્વીકાર્યો. એમણે હાલ જે અમને વાત કરી તે સત્ય છે. સત્ય બોલનારને તમે જુઠા કહો એ મોટો અપરાધ છે. લોક પ્રતિષ્ઠિત વ્યક્તિ ઉપર અસત્ય આરોપ કેટલું દુઃખ પહોંચાડે, હૃદયમાં કેટલી વ્યથા કરે તેની તમને ખબર ન પડે. છતાં તેઓ મૌન રહ્યા છે એ એમની મોટાઈ છે.

પંચાળા ગામે સંતો-હરિભક્તોની સભામાં શ્રીજી મહારાજ મુનિબાવાની વાત કરે છે. તેમને આગળ કહ્યું. પછી અઠ્યોતેરના વર્ષમાં હર્યાનંદ સ્વામી સુરત ગયા. હર્યાનંદની પ્રકૃતિ સાધુ સ્વભાવથી અલગ પડતી. અવારનવાર મુનિબાવાનું અપમાન કરતા. નિર્માની સ્વભાવના મુનિબાવા તે સહન કરતા. કંઈ કહેતા નહિ. હર્યાનંદની હરકત વધતી ગઈ ત્યારે મુનિબાવે સુરતના હરિભક્તો આગળ વાત કરી. હરિભક્તોએ અમને પત્ર લખ્યો. હર્યાનંદને અમે પાછા બોલાવી લીધા.

પણ મુનિબાવાની વાત શી હતી ? શ્રીજી મહારાજ આ બધું અત્યારે શા માટે કહેતા હતા ?

ભક્ત પ્રિય ભગવાન રંગોત્સવ માટે પંચાળા પધાર્યા હતા. દરબાર ઝીણાભાઈના આગ્રહથી બધા સંતો-હરિભક્તોને દેશ દેશથી તેડાવ્યા હતા. સુરતથી હરિભક્તોની સાથે મુનિબાવા પણ આવ્યા હતા. એક દિવસ સભામાં પ્રાસંગિક રીતે શ્રીહરિએ કહ્યું કે શાસ્ત્રમાં કહેલા સત્પુરુષના ગુણો સંતોમાં હોય તો જ સત્સંગનું પોષણ થાય. આ સાંભળીને સત્યવક્તા મુનિબાવાએ ઉભા થઈને શ્રીજી મહારાજ સમક્ષ નિવેદન કરતાં કહ્યું.

આપ સાચું કહો છો મહારાજ. સંતો સંતોની રીતે વર્તે ત્યાં સુધી સત્સંગ વધતો રહે છે. પરંતુ આપે હર્યાનંદસ્વામી અને વિશ્વાસચૈતન્યાનંદ

સ્વામીને સુરત મોકલ્યા હતા ત્યારે તેઓ સેવા માટે હરિભક્તોને લૂંટતા હતા. સેવા શ્રધ્ધા વિના નથી થાતી.

શ્રીહરિ ક્ષણવાર મુનિબાવા સામે જોઈ રહ્યા. પછી કહ્યું - આ બંને મુનિ ઉભા થાઓ. સત્ય હકીકત હોય તે રજૂ કરો.

મહારાજ ! એ વાત ખોટી છે. મુનિબાવા ક્યાં સત્સંગી છે ? (મુનિબાવાએ સત્સંગ સ્વીકાર્યો હતો પરંતુ સત્સંગની રીતભાત સંપૂર્ણપણે અપનાવી ન હતી. પોતાની જીવનશૈલી મુજબ રહેતા) આવા જૂઠા માણસની વાત તમારે ધ્યાનમાં ન લેવી જોઈએ. ક્યા હરિભક્તને અમે લૂંટ્યા છે ? નામ આપો. સાધુ ઉપર મિથ્યા આરોપ મુકતાં શરમાતા નથી ?

આકળા થાઓ મા. અમારે માટે હરિભક્તોને સેવા કરવાનું તમે કહો છો ખરા ? સર્વજ્ઞાતા શ્રીહરિએ પૂછ્યું.

હા, મહારાજ, ખચકાતાં ખચકાતાં બંનેએ કહ્યું.

અમે તમને આવી સેવા માટે ક્યારેય કહ્યું છે ?

ના, મહારાજ આપે કહ્યું તો નથી.

અધિકાર વિના કોઈ સંત, હરિભક્તોને કે બીજા કોઈને કહે તે યોગ્ય નથી. કહ્યા વગર સેવા કરે તેમાં ભક્તની ભાવના દેખાય. કહ્યાથી કરે તેમાં નિર્ણય ન થાય. અમારી આજ્ઞા વિના સેવાની વાત કોઈ કરે તે અમને ગમતું નથી.

પછી મુક્ત મુનિ બોલ્યા. વચન પ્રમાણે વર્તવું તે સાધુની રીત છે. મનને કહ્યે ચાલે તેને દુઃખ થાય છે. ત્યાગી થઈને મનમુખી થાય તે ત્યાગી ન થયા જેવું છે.

તમે યથાર્થ કહો છો સ્વામી. પોતાની અધિકતા દેખાડવા અમારા નિમિત્તે હરિભક્તો પાસેથી સેવા મેળવે. તે જોઈને બીજા ત્યાગીને પણ એવું કરવાનું મન થાય. ત્યાગી-સંતોમાં હરિફાઈ વધે. એમાં હરિભક્તોને સહન કરવાનું આવે. આવું કરનારને તમે કહો તેવી શિક્ષા કરીએ. શ્રીહરિએ મુક્તમુનિને કહ્યું.

હે મહારાજ ! હવે મારી વાત સાંભળો. નિત્યાનંદ સ્વામી બોલ્યા. ત્રણ વર્ષ ઉપર અમે સુરત ગયા હતા. ત્યાંના હરિભક્તો વારેવારે આપને માટે સેવાની વાત કરતા હતા. સેવા કરવા માટેની તેમની મહેચ્છા જોઈ, હું તથા બ્રહ્મમુનિ, ચૈતન્યાનંદમુનિ વગેરે ચાર સદ્‌ગુરુ ભેગા થયા. હરિભક્તોમાં ગોવિંદ શેઠ, લક્ષ્મીચંદ, ગીરધરભાઈ અને ભગવાનદાસને બોલાવ્યા. હરિભક્તો શ્રીહરિ માટે કંઈક સેવા કરવાનું કહે છે તે વાત કરી. અમે કહ્યું કે ઓછા ખર્ચે તૈયાર થાય તેવી કસુંબી રંગની એક પાઘ તૈયાર કરાવીએ. તેમાં સોનાના વરખથી નરનારાયણ નામ અંકિત કરાવી એ પાઘ શ્રીજી મહારાજને ભેટ ધરીએ. હરિભક્તો સંમત થયા. પાઘ બનાવડાવી. ગઢપુરમાં આપને અર્પણ કરી. આપે તે ધારણ કરી, પણ તેમાંથી વરખ ખરવા માંડ્યા તેથી આપ નારાજ થયા. પાઘ એકવાર પહેરી એ પહેરી. પછી તેના સામું જોયું નહિ. અમદાવાદમાં નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી ત્યારે એ પાઘમાંથી ઠાકોરજીના વસ્ત્રો કરાવ્યા તેમાં કામ આવી. અમે જે કહ્યું તે હરિભક્તોના કહેવાથી, તેમનો ઉમંગ જોઈને કર્યું હતું. તેમની ભાવના, તેમની લાગણી અમે જોઈ હતી. અમારું કોઈ હિત એમાં ન હતું. સેવા કરવાનો ઉપદેશ અમે કોઈ દિવસ કોઈને આપ્યો નથી.

નિત્યાનંદ મુનિએ વાત પૂરી કર્યા પછી સાધુશીલ શ્રીહરિ હર્યાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ સામે સૂચક દ્રષ્ટિથી જોઈ રહ્યા.

અમે તો હરિભક્તોને ઉપદેશ કરતી વખતે આપની સેવા કરવાની વાત કરીએ છીએ.

અમારા કહ્યા વિના તમે વાત કરો તે ચોરનું કામ કહેવાય .આ મોટાઈ પામવાની રીત નથી. અમારી આજ્ઞા પ્રમાણે કરવું તે સૌથી શ્રેષ્ઠ મોટાઈ પામવાનું સાધન છે. મોટા કરે તેથી નાના પણ એમને અનુસરે. હવે આ બધા ભક્તજનો બેઠા છે તેમના પગરખાં માથા ઉપર રાખો. ક્ષમા માગો. કર્મ દોષથી છૂટવાનો આ ઉપાય છે.

બંને મુનિઓ ઉભા થયા. ભક્તોના પગરખાં પડ્યા હતા તે તરફ જવા લાગ્યા.

ઉભા રહો. ક્યાં જાઓ છો ? ઉદાર દિલવાળા શ્રીહરિએ તેમને રોક્યા.

મહારાજ ! આપે બતાવેલું પ્રાયશ્ચિત અમે કરશું. સંત હરિભક્તો-

બધાના પગરખાં માથે લઈને ક્ષમા માગશું.

રહેવા દો હવે કંઈ કરવું નથી. તમે તૈયારી બતાવી એ કામ કર્યા બરાબર છે. તમારો દોષ હવે અમારે માથે.

ક્ષમાનિધિ શ્રીહરિએ બંનેને ક્ષમા આપી. ક્ષમા વીરસ્ય ભૂષણમ્.

એક સમયે પોતે અરધી રાત્રિના સમયે જાગ્યા. ઉઠીને સંતોના નિવાસ સ્થાને ગયા. ખબર પડતાં બધા સંતો આવી આવીને નમસ્કાર કરીને બેઠા. પછી શ્રીહરિએ કહ્યું.

અમારા મનમાં એક વિચાર આવ્યો છે તે તમને કહેવા સારુ અત્યારે આવ્યા છીએ. અમને એમ લાગે છે કે આ સંસારમાં સમાજમાં જેને વધુ સંપત્તિ હોય તે વધુ દુઃખીયો છે. **આપણે પણ શ્રીનરનારાયણનું મંદિર અમદાવાદમાં કર્યું છે. હજી બીજાં પણ થશે. પરંતુ તે નિમિત્તે શ્રધ્ધા વિના કોઈને પ્રેરવું નહિ. શ્રી નરનારાયણદેવની ઈચ્છા હશે તો મંદિર થશે. ઈચ્છા નહિ હોય તો નહિ થાય. પણ તે માટે આપણે તો કઈ પ્રકારે કલેશ ન થાય તેમ કરવું. જન્માષ્ટમી આદિક ઉત્સવને દિવસે શ્રી નરનારાયણની ઈચ્છાયે કરીને કોઈવાર લાખો રૂપિયાની સામગ્રીથી ઉત્સવ થાય અને કોઈ વાર તુલસીનું પત્ર મુકીને ઉત્સવ થાય. પણ સ્હેજે થાય તે ખરું. આગ્રહ કરીને કોઈને વાત કરવી નહિ. નરનારાયણદેવને પોતાની શ્રધ્ધાએ કરીને ધરતી, વાડી, ગામ, ગરાસ જે કોઈ આપે તે સુખે આપે. પણ આપણે કોઈને બલાત્કારે તેમ કરવા પ્રેરવું નહિ. આ અમને વિચાર અત્યારે જ આવ્યો છે તે તમને કહ્યો.**

નિજ સુખ અરથે લેશ નહિ, જત્ન કરત જગદીશ

જન સુખ અરથે બિચરત, પરમારથ પથ ઈશ.

શ્રીહરિ જે કંઈ કરતા તે ભક્ત હિતાય કરતા. માનવસ્વરૂપે પોતે તો સર્વથા નિર્મોહી અને નિસ્પ્રેહી હતા.

આશીર્વચનો નો આસ્વાદ

લોકોના દિલમાં વસ્યા એટલે એ લોકોમાં પરિવર્તન આવ્યું. કહે કે તમારા હરિભક્તોને ઉતારો જોઈતો હોય તો અમારી સ્કુલમાં આપીશું. મંદિર નિર્માણમાં તથા સત્સંગના કાર્યોમાં મહારાજ દાતાઓને પ્રેરણા કરતા હોય છે. અને સેવાભાવીને સેવા કરવાની શક્તિ આપે છે. એ રીતે અહીં સંત આવાસમાં જે સેવા કરશે તે ધન્યવાદને પાત્ર છે.

મંદિરમાં અંગત મતભેદો પગથિયે મૂકીને દાખલ થવું જોઈએ. પગના જોડા તેનું પ્રતિક છે. જોડા આપણે મંદિરના પગથિયે ઉતારીને મંદિરમાં પગ મૂકીએ છીએ. રાગદ્વેષ જોડાની સાથે બહાર છોડીને મંદિરમાં આવવું જોઈએ. મૂર્તિમાં રહીને મહારાજ દરેકની શ્રધ્ધા, ભક્તિ ભાવ અંગીકાર કરે તેવી પ્રાર્થના કરીને વિરમું છું.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી જે વાણી નીકળે તે શ્રી નરનારાયણદેવના પ્રતિનિધિ સ્વરૂપે શ્રી નરનારાયણદેવની જ ગૂઢ વાણી તથા આશીર્વચન હોય છે. આશીર્વચનની સાથે કંઈક ગૂઢ બોધ પણ રહેલો હોય છે ! એ નરનારાયણદેવ ભરતખંડના તો રાજા છે જ ! પણ એ નરનારાયણદેવ જેતલપુરના પાંચમાં વચનામૃત મુજબ અનંત બ્રહ્માંડના પણ રાજા છે. મહારાજની શામ, દામ, ભેદની નીતિથી આપણે જો નહીં માનીએ તો મહારાજની દંડની નીતિમાં આપણે ન આવી જઈએ ! દંડ એ છેલ્લું હથિયાર હોય છે. અને મહારાજ દરેકને સુધરવાની ખૂબ તક આપ્યાં પછી જ ના છૂટકે છેલ્લે જ તેનો ઉપયોગ કરતાં હોય છે. મહારાજની મરજીથી જ બધું થતું હોય છે. ધણીનો કોઈ ધણી નથી. ધણીની મરજી સામે હવાતિયા મારવામાં સત્સંગનો દ્રોહ થવાથી અંતે દંડાવાનો વારો આવે છે. આખી જીંદગીનો સત્સંગ ધૂળધાણી થઈને કલ્યાણના માર્ગમાંથી ક્યાંય ફેંકાય જવાય છે. કારણ કે કલ્યાણ કોઈ સાધનના બળે કરીને થતું નથી. મહારાજની ઈચ્છાએ કરીને અને ધર્મકુળને આશરે કરીને કલ્યાણ છે. શ્રીજીમહારાજની મરજીને સમજવાની સૌને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય એવી શ્રી નરનારાયણદેવના નિર્ભય ચરણ કમળમાં પ્રાર્થના !



ભક્તવત્સલ ભગવાન શ્રી સ્વામિનારાયણ

– દિનેશભાઈ કે. ભગત (અમદાવાદ)

૨૨૩ વર્ષમાં સ્વામિનારાયણ સંપ્રદાયે કરેલ પ્રગતિ વિશ્વના ઈતિહાસમાં અજોડ કહી શકાય તેમ છે. આ મૂળ સંપ્રદાયના લાખો અનુયાયીઓ ભારત કે વિશ્વના વિવિધ દેશોમાં પથરાયેલા છે અને વિવિધ દેશોમાં પણ ભારતીય સ્થાપત્યના બેનમુન સ્વામિનારાયણ મંદિરો સ્વામિનારાયણ સંપ્રદાયની આગવી વિશિષ્ટતા છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આપણા ધર્મ વિશે કહેલું કે - "હિન્દુસ્તાનમાં ઘણા ધર્મો છે પણ સ્વામિનારાયણ ધર્મ પ્રશંસનીય શુદ્ધ અને આકર્ષક છે. મને આ ધર્મ વિશે ઘણું માન છે." ભારતના નાયબ વડા પ્રધાન તથા ભારતના બિસ્માર્ક સ્વ. શ્રી વલ્લભભાઈ પટેલ નોંધ કરે છે કે " સ્વામી શ્રી સહજાનંદજી અને શ્રી સ્વામિનારાયણ ધર્મના સાધુઓના પવિત્ર જીવનથી મહાગુજરાતમાં સંસ્કારની સૌરભ પ્રસરી હતી. અને ઘણા સામાન્ય અને પછાત કોમના બિન કેળવાયેલા માણસોના જીવન પશુકોટીમાંથી ઉંચે લાવીને તેમને સંસ્કારી બનાવવામાં ધર્મનો ફાળો મહત્વનો છે."

વિદેશી મહાનુભાવોએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અવતારી કાર્યની મૂલવણી કરતાં શું કહે છે તે જાણીએ:

૧. શ્રી હેન્રી જ્યોર્જ બર્જસનો પોતાનો અનુભવ ટાંકતા જણાવે છે કે : "સહજાનંદ સ્વામી કલ્યાણકારી કર્મવીર હતા. તેમણે કોઈ સત્તાવાળા કે શ્રીમંતોની સહાય વિના પણ હજારો માનવીઓને ખોટે માર્ગેથી પાછા વાળીને સાચા માર્ગે દોર્યા. સહજાનંદજી રાજાથી રંક અ વિદ્વાનોથી અભણ વ્યક્તિઓમાં સૌ એક સરખા પૂજાતા. એમની નમ્ર વિરોધીઓના હૃદયનાં ઝેર પ નીચોવી નાખતી."

૨. મિ. બાઉલ્સ નોંધે છે કે "અ ધર્મમાં જેઓ સાધુ બને છે તેઓન ગમે તેવું દમન કે ત્રાસ આપવામ આવે તો તેનો સામનો કર્યા વિન સહન કરવાનો અને તે ત્રા આપનારાઓના વિરૂદ્ધમાં મનમાં જ પણ ડંખ ન રાખવાનો આદે આપવામાં આવ્યો છે. એ ખરેખર અ ધર્મની લાક્ષણિકતા છે. તેમન ઉપદેશની અસરથી નીતિનું ધોરણ ઘ જ ઉંચું આવ્યું છે.

૩. પ્રિન્સ હોપોકન્સ પ્રોફેસર લંડ યુનિવર્સિટી લખે છે "સ્વામિનારાયણમાં સ્વયંભૂ શક્તિ રહેલી હતી. પોતે અવતારી વ્યક્તિ હોવા છતાં કદી ભારેખમ બની વિચર્યા નથી. પોતાનું જીવન કઠોર સંન્યાસીના ધર્મ પ્રમાણે ગાળતા હોવા છતાં તેમનામાં પ્રસન્નતા, આનંદ અને રમુજની છોળો ઉછળતી હતી. તેઓ ગાતા રમતા, પોતે કુસ્તી અને ટીખળ પણ કરતા હતા. આવી અદ્‌ભુત વ્યક્તિ તેમના દેહવિલય પછી પણ લુપ્ત થઈ નથી. અને ઘણાને અંતિમ

પડી વખતે દર્શન દેતી રહી છે.''

૪. કલેકટર શ્રી વિલિયમ્સે જણાવેલું કે : શાસ્ત્રોમાં વર્ણન કર્યું છે એ કરતાં સહજાનંદજીની નિતિમત્તા ઘણી ઉંચી કક્ષાની જણાઈ છે. તેઓ ઉચ્ચ પ્રકારની પવિત્રતા અને શુદ્ધિનો ઉપદેશ આપે છે. એમણે એમના શિષ્યોને રસ્તે જતી સ્ત્રીઓ પ્રત્યે દૃષ્ટિ પણ ન કરવાનો આદેશ આપ્યો છે. તેઓ એકેશ્વરના ઉપદેશ આપે છે. જે ગામો અને પ્રદેશોએ સહજાનંદજીને સત્કાર્યા છે. એ બધા એક વખત સૌથી ખરાબ અને ભયાનક ગણાતા. આજે એ સૌથી સારા અને સલામત વિસ્તારો ગણાય છે.''

નામાંકિત મહાપુરુષોના ઉપરોક્ત વિધાનોથી સ્પષ્ટ જણાય છે કે ભગવાન સ્વામિનારાયણનો સંદેશો જે જે માનવીઓએ પોતાના જીવનમાં ઉતાર્યો. જે ભક્તજનો શિક્ષાપત્રી પ્રમાણે વર્ત્યા છે. વર્તી રહ્યા છે. તે સૌ આ લોકમાં સુખી થયા છે - આદર્શ નાગરિક થયા છે.

ભગવાન સ્વામિનારાયણે પોતાના જીવનકાળ દરમ્યાન પોતાના ભક્તોની રક્ષા કરી છે - કોઈક સમયમાં શ્રી મુળજીભાઈ શેઠ લીંબડીવાળા મૂળીના રાજાના દિવાન હતા. તેમને પૂનમે ગઢડા ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવાનો નિયમ હતો. પગમાં બાવળનો કાંટો વાગ્યો તેથી ૧૫ દિવસ પછી ભગવાનના દર્શને ગઢડા ગયા. શ્રીજી મહારાજ બોલ્યા કે મુળજીભાઈ વહેલા આવવાના હતા અને કેમ વાર લાગી ? ત્યારે મુળજીભાઈ કહે કે પગમાં કાંટો વાગ્યો હતો અને ચાલી શકાય તેમ ન હતું એટલે વાર લાગી. ત્યારે ભક્તવત્સલ ભગવાન કહે કે મૂળી રાજ્યના દુશ્મન બારવટીયા તમને બરછીઓ મારવા તૈયાર રહ્યા હતા. જેથી તમો તે દિવસ ગઢડા આવત તો તમને મારી નાખત તે માટે ભગવાને તમારૂં બરછીનું દુઃખ કાંટેથી નિવારણ કર્યું !!! આમ ભગવાનના શરણે જઈએ તો આપણું યોગ અને ક્ષેમ બને વહન કરે છે.

આવો વિરલ પ્રસંગ બન્યો છે - મુળજીભાઈના જીવનમા ! તેમના પત્નિ અંધ હતા. શ્રીજી મહારાજ લીંબડીમાં તેમના ઘરે પધારેલા - પૂછે છે આ સ્ત્રી કોણ છે ? ત્યારે મુળજીભાઈ બોલ્યા કે મારા પત્નિ છે. પણ આંખે દેખતા નથી. ત્યારે મહારાજ કહે કે સ્ત્રીનો અવતાર અને દેહની ક્રિયા કરવી પડે તે બહુ કઠણ. ત્યારે જ્ઞાની મુળજીભાઈ બોલ્યા કે જગતમાં ઘણાં અંધ હોય છે. અને દેહની ક્રિયા કરે છે. શું કરે ? ત્યારે દયાળુ ભગવાન બોલ્યા કે કાંઈક દેખાય તો સારૂ, ત્યારે મુળજીભાઈ બોલ્યા કે મહારાજ તેમને દેખાય તો તો ઘણું સારું. તેમના પત્નિ તેજ વખતે ઘરમાંથી મુળજીભાઈ પ્રત્યે બોલ્યા કે અહીં આવો અને બોલ્યા કે મને તો બધુંય દેખાય છે. તેમણે મહારાજને આ શુભ સમાચાર આપ્યાં. ભગવાન એમ બોલ્યા કે જીવન પર્યંત દેખશે અને જીવન પર્યંત દેખાણું. આમ અંધાપો દૂર કરી પોતાના ભક્તને પરચો આપ્યો. તેથી કવિની પંક્તિ યાદ આવે છે કે આજ કળિયુગમાં પરચા પુરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે !!!!

એપ્રોચ (બાપુનગર) મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ તેઓશ્રીની સંપૂર્ણ દેખરેખ નીચે અને પૂ. સ.ગુ. શા.શ્રી નિર્ગુણદાસજી સ્વામી તથા તેમના શિષ્ય લક્ષ્મણજીવનદાસજી સ્વામીની શુભ પ્રેરણાથી શિખરબધ્ધ મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ **પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થશે. તા. ૧૦-૨-૨૦૦૫ થી તા. ૧૬-૨-૨૦૦૫** સુધી સમગ્ર મહોત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાશે. આ મહોત્સવ દરમિયાન દેવ દર્શન, ધર્મકુળનું દર્શન-સ્પર્શ-આર્શીવચન, સંત સમાગમ તથા કથા શ્રવણ વગેરેનો દિવ્ય લાભ લેવા સમગ્ર સત્સંગ સમાજને ભાવભીનું નિમંત્રણ છે.

શ્રીમદ્ ભાગવત કથા પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ)ના વકતાપદે સંપન્ન થશે. તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

કથા સ્થળ : ડાયમંડ મીલ ગ્રાઉન્ડ, નિકોલ ગામ રોડ, અમદાવાદ.

લી. સત્સંગ સમાજ : શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ, બાપુનગર, અમદાવાદ

શુધ્ધ ભોજન

– સ્વામી વિવેકસાગરદાસ ગુરુ મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા)

આજના આ આધુનિક સમયમાં રોજ રોજ નવાનવા રોગ વધતા જાય છે. તેનું કારણ જો કોઈ હોય તો તે આળસ અને બીજું બજારની વાસી અને ઉઘાડી પડી રહેલી ટેસ્ટ ફુલ વસ્તુઓ ખાવાનો શોખ છે. ઘણા પરિવારોમાં એવો નિયમ હોય છે કે દર રવિવારે ઘેર રસોઈ બનાવવાના બદલે બહારની કોઈ રેસ્ટોરન્ટ કે નાસ્તાની લારીમાંથી તૈયાર બનાવેલી વસ્તુ ઘેર લાવીને અથવા ત્યાં જઈને ખાતા હોય છે પરંતુ માનવી કોઈ દિવસ એ વિચારતો નથી કે એ વસ્તુ બનાવવામાં જે સીધુ-સામગ્રી વપરાય છે તે સાફ કરેલી છે કે નહી. જે પાણી વપરાય છે તે ગાળેલું છે કે નહીં સ્વાદ લાવવા માટે કેવા પ્રકારનાં કેમીકલ વપરાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે તો શિક્ષાપત્રીમાં પોતાના આશ્રિતો ને સાફ કહ્યું છે કે :

ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી.

ભગવાને તો ગાળ્યા વિનાનું જળ તથા દૂધ પીવાની પણ ના પાડી છે. પણ આજે માણસ બહુધા ગાળ્યા વગરનું જ પીવે છે. આજે માણસ જે ઠંડા પાણી પીવે છે તે કોણ જોવા ગયું છે કે ગાળેલાં છે કે નહીં. પછી માણસ રોગિષ્ઠ ન બને તો શું થાય ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્સંગીઓ તન, મન અને ધનથી સુખી હોય તો તેનું કારણ તે કે તેઓ શ્રીજી મહારાજની આજ્ઞા માં રહીને વર્તે છે.

આજથી સો વરસ પહેલાં બનેલી એક સત્ય ઘટના છે. વડોદરાના રેલ્વે સ્ટેશનમાં છાણી ગામનો એક હરિજન નોકરી કરે, એનું કામ સાંધા બદલવાનું હતું. એ સમયે પાટો બદલવા માટે એક ખાસ પ્રકારનું સાધન ઉથલાવે ત્યારે પાટો ચેન્જ થતો. આ હરિજન શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ચૂસ્ત સત્સંગી હતો.

એક દિવસે રેલ્વે સ્ટેશનના સ્ટાફના સાહેબો કે જે ઉચ્ચ વર્ણના હતા. તે બધાય ભેગા થયા અને ઉજાણી કરવાનું નક્કી કર્યું. તે દિવસે દૂધપાક, પૂરી, પત્તરવેલીયાં વગેરે આઈટમો બનાવી હતી. સાંધાવાળાને કહી દીધું ત્યાં કામ કરવા આવજે. "નોકરી એ નોકરી" આ સાંધાવાળો ત્યાં પહોંચી ગયો. ખૂબ જલસા કર્યા પરસ્પર આગ્રહ કરીને બધાને જમાડ્યા. છતાં જમવાનું વધ્યું. એટલે સાહેબે સાંધાવાળા હરિજનને કહ્યું આ બધું તારે ઘેર લઈજા. સાંધાવાળા ભાઈએ હાથ જોડીને કહ્યું "સાહેબ માફ કરજો" મને એ કામ ન લાગે. સાહેબ કહે પણ આ તો ચોખ્ખું છે. હરિજન કહે સાહેબ હું શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સત્સંગી છું. સાહેબ કહે કેવો રગડા જેવો દૂધપાક છે અને કેવી સરસ પૂરી છે. હરિજન કહે સાહેબ તમે જો નારાજ ન થાઓ તો બતાવું. સાહેબ કહે હા ચાલો ! આ સાંધાવાળો પાછો કંઠીવાળો છે ? શું કહેવા માગે છે ? હરિજન જ્યાં વધેલી વસ્તુ પડી હતી ત્યાં સાહેબને લઈ ગયો અને જે પૂરીનો લોટ વધ્યો હતો તેની ઉપર નાની થાળી ફેરવી એટલે લોટની સપાટી લીસી બની. પછી હરિજને સાહેબને કહ્યું જુઓ સાહેબ સાહેબે જોયું તો લોટ ઉપર ઈયળો હતી હરિજન કહે માફ કરજો સાહેબ આ લોટની તમે પૂરીઓ ખાધી છે. હું ભલે હરિજન છું પણ શ્રી સ્વામિનારાયણનો સત્સંગી છું આ પૂરી મને કામ ન લાગે.

શ્રીજી મહારાજે કેવી પવિત્રતાથી જીંદગી જીવતા શીખવાડી છે. ભગવાને ત્યાં કોઈ નાત-જાતનું નથી પણ જીંદગી જીવતા શીખો.

સાહેબ કહે, પૂરી રહેવા દે, આ પત્તરવેલીયાં લઈજા. હરિજને બચેલા પતરવેલીયાંના પાનને ઉથલાવીને બતાવ્યાં. પાંદડાના પાછળના ભાગમાં જ્યાં પાનની નસો હતી ત્યાં પુષ્કળ જીવાંતો (મેલો) હતી તે સાહેબને બતાવી. આ બધું જોઈને સાહેબો જતા જતા કહેતા ગયા કે આ શ્રી સ્વામિનારાયણવાળાએ તો આપણી આંખો ઉઘાડી ! તે રોજ આપણને સાલમ ભરે છે. પણ આવી જીંદગી જીવવાની કળાં આપણી પાસે નથી !

તો વ્હાલા ભક્તો ! કહેવાનું એટલું જ કે ઘેર પણ કંઈ રસોઈ બનાવો ત્યારે સીધુ-સામગ્રી, શાકભાજી વગેરની સફાઈ કરીને જ વાપરવું. જો શરીર સ્વસ્થ હશે તો જ ભગવાનની ભક્તિ સરળતાથી કરી શકાશે.


દિવ્ય જીવન વ્યવહાર

– સાધુ પ્રિયવ્રતદાસજી (સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ)

મનુષ્ય જીવનમાં મોહ અને મમતાથી પર રહી નિર્લેપભાવે વ્યવહાર કરનાર મહા માનવ હોય છે. મહારાજ જનક સંસારમાં રહી પોતાના તમામ વ્યવહારો અને કાર્યો નિર્લેપભાવથી જ કરતા હતા. તેથી તેઓ 'જનકવિદેહી' તરીકે ઓળખાતા હતા. જેમ કમળ પાણીમાં રહેવા છતાં પામી તેને અસર નથી કરી શકતું તે પ્રમાણે જ મનુષ્યે પણ 'જળકમળવ્રત' વ્યવહારો કરવા જોઈએ. કોઈ પણ સાંસારિક બાબતમાં નિર્લેપ રહેનાર વ્યક્તિ ઈચ્છાઓ, અપેક્ષાઓ, આશાઓ કે કામનાઓથી પર રહીને જ વ્યવહાર કરે છે. આવા નિર્લેપ માનવીને કોઈ બંધન હોતું જ નથી. પુત્રેષણા, લોકેષણા કે વિતેષણા તેને પરેશાન કરતી જ નથી. કોઈપણ વ્યક્તિ કે પદાર્થ પ્રત્યે મમતા રહિત દિવ્ય દ્રષ્ટિથી વ્યવહાર કરે છે. સંસારના તમામ વ્યવહારો કરે છતાં તેની કોઈ જ આશક્તિ તેનાં મનમાં જાગૃત થતી નથી. તેના મનમાં કર્તાપણાનો ભાવ જાગતો જ નથી. આ કાર્ય હું કરું છું તેવી વૃતિ જાગૃત થતી જ નથી. સંત તુલસીદાસજીએ પણ સંસાર ગુઢ રહસ્યાય પોતાના દિવ્ય પદોમાં સમજાવ્યું છે.

"તુલસી જગમે યું રહો, જ્યું રસના મુખ માંહિ,
ખાતી ઘી ઔર તેલ નિત,
ફિરભી ચિકની નાંહિ."

જગતમાં એવા નિર્લેપ ભાવથી રહો કે સાંસારિક વાસનાઓ જરા પણ વ્યક્તિને મોહિત કે ચલિત ના કરી શકે. જેમ



મનુષ્યના મુખમાં જીભ રહે છે તે જ રીતે નિર્લેપભાવે જ કાર્યો કરવા જોઈએ. જીભ ઘી અને તેલ ખાય છે. છતાં પણ આ ચીકણા પદાર્થો તેને ચીકણી બનાવી શકતી નથી. તેમ જ સાંસારિક પદાર્થો મનુષ્યને માનસિક રીતે પણ અસર ન કરી શકે તે જ સાચો માનવ છે. કર્તાપણાનું અભિમાન જાગૃત બનવું જોઈએ નહિ. આ કાર્યમાં તે પોતે નિમિત્તમાત્ર છે. તેનો ભાવ રાખવો જોઈએ. વ્યવહારો બધા જ કરીએ, સાંસારિક કાર્યો પણ કરીએ, જેમ સામાન્ય માનવી પોતાનું જીવન જીવે છે તેમ જ જીવીએ, પરંતુ કોઈ પણ બાબત મનને અસર કરે જ નહી અને નિર્લેપભાવે જ વર્તીએ તે જ સાચી જીવન પદ્ધતિ બનવી જોઈએ. સાંસારિક કે ભૌતિક પદાર્થોનો મોહ મનને અસર ન કરે તે જ સાચો અવધૂત છે.

ઈચ્છાઓ અને આશાઓ જ દુઃખનું કારણ છે. ઈચ્છાઓ નિર્મૂળ થતા ચિંતાઓ મટી જાય છે. અને મનુષ્ય મસ્તીથી, આનંદથી જીવી શકે છે. જેને કોઈ વસ્તુની આવશ્યકતા જ રહેતી નથી તે બાદશાહોનોય બાદશાહ છે. આવા મસ્ત ઓલિયાઓ નિર્લેપભાવે જ જીવે છે. જીવનમાંથી મારાપણું અને હું પણું છૂંટી જવું જોઈએ અને સરળ બનીને વ્યવહાર કરવો જોઈએ.

સર્વોપરિ શ્રીજી મહારાજે લખેલ શિક્ષાપત્રી પ્રમાણે આપણે વ્યવહાર ચાલવીએ તો જગતમાં કોઈ જગ્યાએ ક્યાંય દુઃખનું નામ ન રહે.



– સ્વામી ભક્તિનંદનદાસજી
ગુરુ શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર)

જીવ જ્યારે ભક્તિમાં આગળ વધે છે ત્યારે એને દંભ બહુ પજવે છે. જે અસાવધ રહે એના જીવનમાં દંભ પ્રવેશ કરે છે. કોઈ માણસને ભાળે એટલે તરત ગોમુખીમાં હાથ નાખી આંખો મીંચી જાય. આવેલ માણસ સવા રૂપિયો મુકી ચાલતો થાય અને તે માણસ માને કે કેવા ધ્યાનસ્થ છે ! લોકોની ભીડ જોઈને ભગવાનની મૂર્તિ સામે બેસી મોટેથી કીર્તન, ધૂન, ભજન કરીએ, એક પગે ઉભા રહીને માળા કરીએ. પણ નજર તો એની ભગવાન સામે જ હોય એ એજ જોતો હોય કે મને કેટલા જુવે છે.

ભગવાન સ્વામિનારાયણ એક વખત વડતાલ જતા હતા. સાથે ઘણા દરબારો હતા. સાથે સુરાખાચર તો હોય જ ને ! રસ્તામાં એક બાવાજીની ઝૂંપડી આવી. બાવાજીએ વિચાર કર્યો, ઘડીક ધ્યાનસ્થ બેસી જાઉ, આ લોકો પાઈ-પૈસો મૂકી જશે.'' ઘણા દરબારો બાવાજીને ધ્યાનસ્થ જોઈ પાઈ-પૈસો મુકતા જાય. સૌની પાછળ લોયાના દરબાર સુરાખાચર ચાલ્યા આવે. સુરાખાચરની સાથે માણસીયો ખાચર છે. તે બોલે ''દરબાર ! તમે આ મહાત્માને જોયા ? કેવા ધ્યાનસ્થ બેઠા છે. કેટલાય દરબારોના ઘોડા જતા રહ્યા છતાં, આંખ ખોલતા નથી.'' સુરાખાચર બહુ ચાલાક હતા. સુરાખાચર કહે, ''એ મહાત્મા પરમાત્માનું ધ્યાન લગાવતા નથી, પણ પૈસાનું ધ્યાન લગાવે છે ?'' માણસીયો ખાચર કહે, ''ભણે દરબાર ! આપ આવું કેમ કહો છો ?''

સુરાખાચર કહે, ''તું ઉભો રહે તને અનુભવ કરી બતાવું, તું કાંઈ બોલીશ નહિ હું પુછું તેટલો જવાબ આપવાનો.''

બંન્ને જણા પેલા બાવાજીની સમીપે આવ્યા. ઘોડા ઉપરથી નીચે ઉતરી સામે જઈને કહે,

''માણસીયા ! આવા સંતો તો મેં મારી જીંદગીમાં જોયા નથી. કેવા ધ્યાનસ્થ બેઠા છે !

માણસીયા ! મારી માનતા મને યાદ આવે છે. હું બીમાર પડેલ ત્યારે માનતા માનેલ કે સાજો થઈશ ત્યારે, કોઈ સંતને સવા પાંચ રૂપિયા દક્ષિણામાં આપીશ. આવા સંતને મૂકીને મારે બીજા સંત ગોતવા ક્યાં જવા ? પણ આપણે એ રૂપીયા બાજુમાં મૂકી ચાલ્યા જઈએ.''

માણસીયા ખાચર કહે, ''અહીં તો રાજમાર્ગ છે. મહાત્મા જાગે નહિ તો બીજો કોઈ પૈસા લઈને ચાલતો થઈ જાય.''

સુરાખાચર કહે, ''પણ માણસીયા ! એક વાત છે. મારા કંઈક ભાગ્ય ખૂલે ને મહાત્માને બગાસું આવે અને મોઢું ખૂલે તો મોઢામાં મૂકી ચાલતા થવાય.''

પેલા દંભીએ વિચાર કર્યો, ''સવા પાંચ રૂપિયા હાથમાં આવેલ જશે.'' તેથી તેણે તરત જ બગાસું ખાવાના નિમિત્તે મોઢું પહોળું કર્યું, ત્યાં તરત જ સુરાખાચરે વાંકા વળીને જમીન પરની ધૂળની મૂઠી ભરી તેના મોઢામાં ઓરી દીધી. પેલો દંભી જાગીને કહે છે ''ક્યાં સાલે ! ઐસે કરતે હો !''

સુરાખાચર કહે, ''તેં ઘર છોડ્યું, ગામ છોડ્યું અને હવે પૈસાનું ધ્યાન કરે છે ? તારા મોઢામાં ધૂળ નહિ તો બીજું શું પડવાનું છે ?''

ભક્તિમાં જીવ જ્યારે આગળ વધે ત્યારે એને દંભનો ભય બહુ સતાવ્યા કરે છે, ભક્તિ કરનાર વ્યક્તિને ભક્તિનું અભિમાન આવી જાય છે. જે ભક્ત સતત સાવધ રહે છે એજ દંભ અને અભિમાનથી બચે છે. બાકીના જે અસાવધ રહ્યા તે ભક્તિ માંથી ભ્રષ્ટ થઈ ગયા છે.

વ્હાલા ભક્તો ! પરમાત્માની પાસે વંદન કરીને હંમેશા માગણી કરજો ! હે પ્રભુ ! મારા જીવનમાં દંભ અને માન એ બે અંતઃશત્રુઓ ક્યારેય પ્રવેશ ન પામે અને એ સુક્ષ્મ અંત શત્રુઓથી મારી રક્ષા કરજો.''

જીવન પરિવર્તન કરે તે જ સત્સંગ

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

"સત્સંગનો અર્થ માત્ર કહેવું તથા
સાંભળવું એટલો જ નથી.
સત્સંગ વાણી દ્વારા ઓછો, પરંતુ
ક્રિયા દ્વારા વધારે થાય છે."

સંત સમાગમ

"સંત સમાગમ જે જન કરશે,
તેને પ્રગટે પ્રેમ જો ને,
જે ધાતુને પારસ પરસે
તે તો હોય હેમ જો ને,
કથીર કાંસુ હેમ ન હોયે,
કોટિ પારસ પરસે જો ને,
શૂન્ય છીપ તે ઉપર ના'વે,
સો મણ સ્વાતિ વરસે જો ને,
અચેતને ઉપદેશ ન લાગે,
શિવ, બ્રહ્મા સમજાવે જો ને,
જેનાં અવળાં અંતઃકરણો,
તેને સમજણ ના'વે જો ને,
કુબુદ્ધિ કાળપ જેને રુદે,
તેને ન લાગે રંગ જો ને,
અડદ ઊજળાં ક્યમે ન થાયે,
જઈ ઝબોળે ગંગ જો ને,
કુશકા કૂટેથી શું થાયે,
કણ ન જડે તેમાંથી જો ને,
મંદ અભાગી મૂરખ નરને,
સમજણ આવે ક્યાંથી જો ને,
પાપીને પ્રબોધ ન કરીએ,
મૌન સહીને રહીએ જો ને,
કહે 'પ્રીતમ' તુલસીલ તોડી,
પ્રેત ન પૂજવા જઈએ જો ને,
('પ્રીતમદાસની વાણી')

સત્સંગ એ જીવનનું ઔષધ છે. સત્સંગથી મનનો મેલ ધોવાય છે. કુસંગથી માણસ પતનની ગર્તામાં ગબડી પડે છે. મનને પુષ્ટ કરવા માટે સંત સમાગમ અને સત્સંગ અનિવાર્ય છે. સંસારમાં સંતોનું પ્રાગટ્ય કે પદાર્પણ જ લોકોના આત્યંતિક કલ્યાણ માટે હોય છે.

"જગતનાં અંધારા ધૂવે તે સૂર્ય,
ઉરનાં અંધારાં ધૂવે તે સંત."

માટે જ કહ્યું છે કે, -

"સંત ન હોતે જગત મેં, તો જલ
મરત સંસાર."

"સંત સમાગમ, હરિકથા, તુલસી
દુર્લભ હોય."

- સંત તુલસીદાસ

સંત અંતઃકરણનાં અંધારાંને ધોઈ નાખે છે, ઉલેચી નાખે છે. સંત સંસારરૂપી બગીચાના માળી છે. સત્સંગની પરિભાષા આ પ્રમાણે છે :

"અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય, અસત્માંથી સત્ તરફ લઈ જાય, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઈ જાય એવા સ્થાનનો, એવી વિલક્ષણ વિભૂતિઓનો, એવા શિષ્ટ સાહિત્યનો સંગ કરતા રહેવું એનું નામ 'સત્સંગ.'

"મળે જીવન મુક્ત તે જોગિયા,
ત્યારે ટળે તન મન તાપ, સત્સંગ
કીજિયે,
ફરે અવયવ આરે શરીરના
પરાં પળાય પંડના પાપ, સત્સંગ
કીજિયે."

- નિષ્કુળાનંદ સ્વામી

"પારસમણિ કે સંગસે કંચન ભઈ
તરવાર,
તુલસી તીનું રહ ગયે, ધાર, માર,
આકાર,
જ્ઞાન હથોડા કર ગ્રહે, સદ્‌ગુરુ ભયે
સોનાર,
તુલસી તીનું મીટ ગયે, ધાર, માર,
આકાર."

- સંત તુલસીદાસ

ટૂંકમાં, જીવન પરિવર્તન કરે તે જ સત્સંગ. આહાર, વિહાર, ભય અને મૈથુન - આ ચાર વસ્તુ કુદરતે માનવી અને પ્રાણીમાત્ર માટે સમાન મૂકી છે. પરંતુ કુદરતે માનવીને બુદ્ધિ વધારામાં આપી છે. માનવીએ બુદ્ધિ દ્વારા ખૂબજ પ્રગતિ કરી છે. બાહ્ય જગત સાથે લડીને માનવીએ અશાંતિ મેળવી છે, પણ પોતાના અંતઃકરણ અંતઃશત્રુઓ સાથે લડીને શાંતિ મેળવવા જતાં તેને તકલીફ પડે છે.

મનને જીતવા માટે સહજ - આનંદના સંદેશકશ્રી સહજાનંદ સ્વામીએ આ જગતના પંચવિષયોનો અતિ દૃઢપણે ત્યાગ કરવા અનુરોધ કર્યો છે. મહામૂલો, દેવોને પણ દુર્લભ એવો આ મનુષ્ય દેહ મેળ્યો છે. તો

(અનુસંધાન પેજ નં. ૨૧)

ભાગવત ધર્મ મર્મજ્ઞ વૈરાગ્ય મૂર્તિ શ્રીનિષ્કુળાનંદ મુનિ

– પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ)

વૈરાગ્ય મૂર્તિ, તપોમૂર્તિ નિષ્કુળાનંદ મુનિનો જન્મ સંવત ૧૮૨૨માં સૌરાષ્ટ્ર દેશાંતર્ગત હાલાર દેશમાં આવેલા શેખપાટ ગામમાં થયો હતો. પિતાનું નામ રામભાઈ, માતાનું નામ અમૃતબા હતું. તેઓએ પુત્રરત્નનું નામ લાલજી પાડ્યું. માતા પિતા બન્ને ભક્તિનિષ્ઠ હતા. રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીને પિતાએ ગુરુ કર્યા હતા. જેઓ સમાધિનિષ્ઠ તથા વચન સિધ્ધ હતા. ગુરૂવર્ય રામભાઈને એવો વર આપેલો કે તમારે ત્યાં મહા તપસ્વી, વૈરાગ્યવાન મુક્ત જન્મ ધારણ કરશે. મહાન કાર્યો કરી તે મોટી કીર્તિ મેળવશે. આ પરિવાર વિશ્વકર્મા અર્થાત્ જાતિએ ગુર્જર સુથાર હતા.



લાલજી કૃષિ તથા શિલ્પકર્મ કરતા. રાત્રે પોતાના ગામથી ત્રણ ગાઉ દૂર ભાદરા ગામે જતા અને ભક્ત મૂળશર્મા કે જેઓ સાધુ દીક્ષા સ્વીકારી ગુણાતીતાનંદ નામથી પ્રસિધ્ધ થયા. તેઓની સાથે લાંબો સમય સત્સંગ કરતા. શ્રીહરિ વર્ણીવેષે લોજ ગામમાં પધાર્યા ત્યારબાદ તેમનો મહિમા વધતો જ ગયો. આ વર્ણીરાજના દર્શન કરવા લાલજી લોજ આવ્યા. શ્રીજી મહારાજ પાસે થોડો સમય રહ્યા. શ્રીહરિનું ઐશ્વર્ય સ્વયં અનુભવ્યું. શ્રીહરિએ તેમને કહ્યું, કે "વૈરાગ્યમાં શુકજી સમાન થશો. જેતપુરમાં રામાનંદ સ્વામીએ ધર્મધુરા સોંપવા મહોત્સવ કર્યો ત્યારે લાલજી સુથારે શ્રીજીને ભેટમાં સ્વયં કારીગરી કરેલ મજૂસ તથા ડામચીયો અર્પણ કર્યો. શ્રીહરિ તેમના પર પ્રસન્ન થયેલા. સં. ૧૮૫૬માં લાલજીને ત્યાં પુત્રજન્મયો તેમનું નામ માધવજી પાડ્યું. સં. ૧૮૫૯માં બીજા પુત્રનો જન્મ થયો તેનું નામ કાનજી. લાલજી તો વૈરાગ્ય વૃત્તિને કારણે અવાર નવાર શ્રીજી મહારાજને દીક્ષા પ્રાપ્તિ માટે વિનવણી કરતા. એક સમયે ભગવાન શ્રીહરિ શેખપાટ ગામે લાલજી સુથારને ત્યાં પધાર્યા. સં. ૧૮૬૦ના રોજ મહાસુદ-પના રોજ તેમને ત્યાં સંતો હરિભક્તોને તેડાવી વસંતોત્સવ કર્યો. થોડા દિવસ બાદ શ્રીહરિએ કચ્છ દેશમાં વિચરણ કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં લાલજીને ભોમિયો શોધી આપવા જણાવ્યું.

ગૃહત્યાગ કરી શ્રીહરિની સેવામાં સદાકાળ રહી જવાનો સંકલ્પ કરી શ્રીજી સાથે સ્વયં જવા તૈયાર થયા.

કચ્છની એ રણવાટ વિકટ હતી. ભાથું તૈયાર કરાવ્યું. બતકમાં પાણી ભર્યું. ચોર લોકોનો તે સમયે ભય હતો તેથી ૧૨ કોરિ પગરખામાં સંતાડી. શ્રીજી સાથે ચાલતા થયા. રસ્તામાં ભીક્ષાની કાકલુદી કરતા ભિક્ષુકને ભાતું અને પાણી આપી દીધા. રસ્તામાં લૂંટારાની ટોળકીએ લાલજીના વસ્ત્રો તપાસ્યા. કંઈજ ન મળતા શ્રીજીએ પગરખાં તપાસવા ચોરોને જણાવ્યું. તેમાથી ૧૨ કોરિ નીકળી તે લઈને લૂંટારાઓ ખુશીના કેફમાં નાચ્યાં.

થોડું ચાલ્યા પછી લાલજીનો કંઠ સુકાવા લાગ્યો. શ્રીજીને જણાવ્યું. ખારા સમુદ્રમાં શ્રીહરિએ મીઠી ઉડતી પાણીની સેર બતાવી લાલજીએ જળ આરોગી બતક ભરી લીધી. રણ ઉતર્યાબાદ એક તળાવના કિનારે બાવળના વૃક્ષ નીચે શ્રીહરિ વિશ્રામ કરવા બેઠા. શ્રીહરિના ચરણો પગરખાં વિનાના હોવાથી તેમના ચરણોમાં કાંટા વાગેલા તે કાઢવા લાલજીએ વિનંતી કરી ત્યારે શ્રીહરિના ચરણોના સોળ ચિન્હોના દર્શનનો લાભ પામ્યા. ભગવાન શ્રીહરિ પોતાનું ઐશ્વર્ય પ્રગટ કરતા જ રહ્યા. આધોઈ ગામની ભાગોળે આવ્યા ત્યારે લાલજીને ભીક્ષા માગી લાવવા શ્રીજીએ સૂચવ્યું. આ ગામના લોકો પોતાને ઓળખે છે. ઉપહાસ કે મશ્કરી થશે તેવું લાલજીનું કહેણ સાંભળતા લાલજી સુથારની મૂંછ અને શિખા કાતરી નાંખી. કૌપીન અને અલફી પહેરાવી દીધી. અને નિષ્કુળાનંદ એવું નામ પાડ્યું. ગામમાં ઉપદેશ કરવા રોકાવાની તથા "યમદંડ" નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી. શ્રીજી ભુજનગર પધાર્યા. નિષ્કુળાનંદ તો સુખી ઘરના પુત્ર હતા તેથી કહે છે કે, -

સંતો સાંભળો સાચી વારતા, નથી
લીધો આ ભૂખ્યે ભેખ,
જનનીનો જાયો કહું છું, અવશ્ય
હતો હું એક.

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણી, યમદંડ, સારસિધ્ધિ, વચનવિધિ, હરિબળ ગીતા, ધિરજાખ્યાન, સ્નેહગીતા, પુરુષોત્તમ પ્રકાશ, ભક્તિનિધિ, કલ્યાણ નિર્ણય, મનગંજન, ગુણગ્રાહક, ચોસઠપદી, હરિવિચરણ, હરિસ્મૃતિ, અરજી વિનય, અવતાર ચિંતામણી, ચિન્હ ચિંતામણી, પુષ્પ ચિંતામણી, લગ્નશુકુનાવલિ, વૃત્તિ વિવાહ, શિક્ષાપત્રી પદ્યરૂપા આદિ ગ્રંથો લખ્યા છે.સંપ્રદાયના સંસ્કૃત, ગ્રંથોમાં ઘણું સાહિત્ય સમાવિષ્ટ છે. કિંતુ ગુજરાતી સરલ શૈલીમાં સ્વામીની રજુઆત અભણપણ સમજી શકે તેવી છે. ભક્તચિંતામણી એ સ્વામીએ રચેલા ગ્રંથોમાં બહુ મોટો ગ્રંથ છે. તેઓ લખે છે.

છે આ ભક્ત ચિંતામણી નામ રે,
જે જે ચિંતવે તે થાય કામ રે,
હેતે ગાય સુણે જે આ ગ્રંથ રે, તેને
પ્રભુ પુરે મનોરથ રે.

સં. ૧૮૮૭માં ગઢડામાં રહી આસો સુદ-૧૩ના આ ગ્રંથ પૂરો કર્યો છે. જેમાં ૧૬૪ પ્રકરણ, ૮૫૨૭ દોહા અને ચોપાઈ છે.

નિષ્કુળાનંદ સ્વામીના ત્યાગ વૈરાગ્યની પ્રશંસા ગઢડાના અત્યં પ્રકરણના ૨૬માં વચનામૃત દ્વારા જાણી શકાય છે. આત્માનંદ મુનિએ પૂછેલા પ્રશ્નના પ્રત્યુતરમાં શ્રીજી મહારાજે કહ્યું કે, "જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષ પણે વર્તતો હોય ને આસ્તિકપણું હોય જે આ લોકમાં જે સારૂં નરસું કર્મ છે તેનું જે સારું નરસું ફળ છે તેને જરૂર પરલોકમાં ભોગવે છે. એવી દૃઢ મતિ જેને હોય જે ભૂંડું કરશું તો આ લોકમાં શું મોં દેખાડશું ? એવો જે હોય તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ સ્ત્રી તથા કોઈ પદાર્થ આદિકને બંધન કરી શકે નહિ. જેમ મયારામ ભટ્ટ છે, તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે. એવી જાત્નયા જે હોય તેને સ્ત્રી ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ ડગે નહિ."

પિતાને પગલે લાલજીના જ્યેષ્ઠ પુત્ર માધવજીએ ગોપાળાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી. તેમનું નામ ગોવિંદાનંદ પાડ્યું. પછી શ્રીહરિના દર્શને લઈ ગયા. શ્રીહરિને જ્યારે સ્વામીએ કહ્યું કે, "આ તો નિષ્કુળાનંદ મુનિના સેવક છે. ત્યારે શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા, "સિંહના તો સિંહ જ હોય." ગોપાળાનંદ સ્વામીએ જ્યારે સારંગપુરમાં કષ્ટભંજન દેવની પ્રતિષ્ઠા કરાવી ત્યારે ગોવિંદાનંદ સ્વામીને દૃઢ નૈષ્ઠિક બ્રહ્મચારી જાણીને દેવની આરતી તેમની પાસે ઉતરાવી હતી.



સત્સંગ સુરભિ

આ ચંદન વસમાં લાગે તેવા નથી

ગઢપુરમાં ગોપીનાથજીનું મંદિર ચણાતું હતું. આ બાજું કડિયાના પગાર પણ ચઢ્યા હતા. અને શ્રીજી મહારાજને શરીરે મંદવાડ પણ હતો. તે સમે ગામ ખોલડીયાદના રાજપૂત ખેંગાર ભક્ત મહારાજના દર્શને આવ્યા. મહારાજને અક્ષરઓરડીમાં દંડવત્ કરી પગે લાગ્યા. મહારાજે બધા સમાચાર પૂછયા. પછી હળવે રહીને કહ્યું : "ખેંગાર ભક્ત તમારો વહેવાર કેવો છે ?" ખેંગાર ભક્ત કહે : "મહારાજ ! મારો વહેવાર બહુ સારો છે." પછી મહારાજ કંઈક કામ અંગે બહાર પધાર્યા. તે સમે શુકમુનિ અક્ષરઓરડીમાં પુસ્તક લખતા હતા. તેમને ખેંગાર ભક્તે પૂછ્યું : "સ્વામી ! મહારાજ મને ઘડીયે ઘડીયે પૂછે છે જે તમારો વ્યવહાર કેવો છો ? તે મહારાજને કંઈ કામ છે ?" સ્વામી કહે : "હા ભગત ! કડિયાના પગાર ચઢ્યા છે તે દેવાને માટે રૂપિયા જોઈએ છીએ." ભક્ત કહે : "એમાં શું લ્યો હું લઈને આવું અને રસોઈ દેવા ને વાસ્તે તો અહીં આવ્યો જ છું." ત્યાં જ મહારાજ આવ્યા. ભક્ત બોલ્યા : "મહારાજ ! મારો વ્યવહાર બહુ સારો છે. માટે જે કાંઈ સેવા હોય તો કહો." મહારાજ કહે : "ખેંગાર ભગત કડિયાના પગારના ત્રણસો રૂપિયા જોઈએ છીએ." ભક્ત કહે : "લ્યો મહારાજ ! હમણાં જ લાવી દઉં."

એમ કહી ભક્ત લાધા ઠક્કર પાસે ગયા અને કહ્યું જે મારે પાંચસો રૂપિયા જોઈએ. લાધા ઠક્કરે દરબારની તીજોરીના ઉપરી પાસે એમને મોકલ્યા અને રૂપિયા પાંચસોની સગવડ ભક્તને કરી આપી.

રૂપિયા લઈ ખેંગાર ભક્ત સીધા મહારાજ પાસે આવ્યા. એમનાં ચરણોમાં પાંચસો રૂપિયા અર્પણ કરીને કહે : મહારાજ ! આ ત્રણસો રૂપિયા તમારા કડિયાના પગારના અને સો રૂપિયા તમે માંદા છો તે તમારા ઔષધ માટે અને બીજા સો રૂપિયા સંતોની રસોઈના." મહારાજ કહે : "ભગત આ તમે ત્રણસો રૂપિયા આપ્યા તે તમારી લાખો રૂપિયાની રસોઈ થઈ રહી." ભક્ત કહે : "નહીં મહારાજ ! સંતોને તો લાડુ કરીને જમાડો જ."

પછી લાડુ કરીને સંતની પંક્તિ દરબારમાં જમવા માટે કરી. તે સમે શ્રીજી મહારાજને ખુરશી નાંખીને વિરાજમાન કર્યા. અને મહારાજે મુક્તાનંદ સ્વામીને, સંતોને પીરસવાની આજ્ઞા કરી.

ખેંગાર ભક્ત હાથમાં ચંદનનો મોટો વાડકો ભરીને લાવ્યા. એમણે મહારાજની ચંદન ચરચીને પૂજા કરવી હતી. પણ મુક્તાનંદ સ્વામી બોલ્યા : "ખેંગાર ભગત ! મહારાજ માંદા જેવા છે તે ચંદન શરીરે વસમું લાગશે. માટે ચરણારવિંદને અંગૂઠે પૂજા કરો. તે સાંભળી મહારાજ બોલ્યા : "રહેવા દો સ્વામી ! ભલે ભગત અમારી પૂજા કરતા. આ ચંદન વસમા લાગે તેવા નથી. માટે આખા શરીરે ચંદન ચરચો."

મહારાજે ચોફાળ ઓઢ્યો હતો તે દૂર કર્યો અને ભગત દ્વારા આખા શરીરે ચંદન ચરચાવ્યું. પછી ખેંગાર ભગતે આરતી ઉતારી. મહારાજ ભગત ઉપર અતિશય રાજી થયા. તે ઊભા થઈ બાથમાં લઈને ચંદન સોતાં જ ભેટ્યા. પ્રગટ પરમાત્માના આલિંગનથી અને પ્રસાદીના ચંદનની સુવાસથી ભગતના રોમે રોમમાં સુગંધ વ્યાપી ગઈ. ત્યાં હાજર રહેનાર સર્વે સંતો પણ સ્વામી-સેવક ના અરસ પરસના આવા અનોખા મિલનને નવાજી રહ્યાં.

(અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા)

સંતકૃપા એ સુખ ઉપજે

- ડૉ. ભરતભાઈ એન. સિંઘવ (બળોલભાલ)

વ્હાલા ભક્તો ! વૈરાગ્યમૂર્તિ સદ્. નિષ્કુળાનંદ સ્વામી ભક્ત ચિંતામણી ગ્રંથના પ્ર.-૨માં સંતનું માહાત્મ્ય ગાતા કહે છે કે

"સંત કૃપા એ સુખ ઉપજે, સંત
કૃપાએ સરે કામ,
સંત કૃપાથી પામીએ, પુરણ
પુરુષોત્તમ ધામ.
કામ દુધા કલ્પતરૂ, પારસ
ચિંતામણી ચાર,
સંત સમાન એકેય નહિ, મે મનમાં
કર્યો વિચાર."

મધ્યપ્રદેશમાં બુરાનપુર નામનું ગામ છે. આ ગામમાં દાદા નામના બ્રાહ્મણ રહેતા હતા. અને તેઓ રાજાના દિવાન હતા. અનેક બાવા-સાધુને જમાડતા. પરંતુ તેઓ સ્વામિનારાયણના સત્સંગી ન હતા. જીવનમાં તેમણે બહુ પાપ પણ કરેલા. એકવાર સ્વામિનારાયણના બે સંતો બુરાનપુર ગયેલા અને આ બે સંતોને દાદા દિવાને જમાડ્યા હતા.

ભક્ત ચિંતામણી પ્ર. -૧૫૨માં નિષ્કુળાનંદ સ્વામી લખે છે કે -

"વિપ્ર એક દિવાન દાદો, સત્સંગી
નહીં સોય,
જાણ્યે અજાણ્યે જમાડીયા, સંત તે
સ્વામિના હોય."

સમય જતાં તેની આવરદા પુરી થઈ. જીવનમાં તેણે પાપ ખૂબ કરેલા તેને કારણે -

"અંત કાળે આવિયા જમ જ્યારે,
દીધુ દાદાને દુઃખ તે વારે,
જે જે જનમ ધરી કર્યા પાપ,
તે તે સંભારી કર્યો સંતાપ.
દીઠા દાદે જમદૂત જ્યારે,
દેવી દેવને સંભાર્યા ત્યારે,
સંત મહંત સન્યાસી સોય,
તેહ વિના જે સેવ્યા તા કોય,
એહ સર્વેને જોયા સંભારી,
કહુ કોઈ હરો પીડા મારી,
એહ માહિલું એકે ન આવ્યુ,
તે વારે દાદે શીશ ડોલાવ્યું."

આ દુઃખમાંથી છૂટવા માટે દિવાને ઘણા દેવ-દેવીઓને સંભાર્યા પણ કોઈ સહાય કરવા આવ્યું નહિ. એટલે નિરાશ થઈને કહેવા લાગ્યો. "અરે મોટા પુરુષ જાણીને મેં સન્યાસીઓને ખૂબ જમાડ્યા હતા. પરંતુ કોઈ મને બચાવવા આવ્યું નહિ."

એમ કહે છે ત્યારે તો સ્વામિનારાયણના બે સંતોને આવેલા જોયા. સંતો યમદૂતને કહેવા લાગ્યા,

"કહે સંત સુણો યમદૂત, કેમ
આવિયા આંહિ કપુત,
જાઓ વેલા વેલા પાછા વળી, કેમ
ઉભા રહ્યા છો સાંભળી."

સંતો કહે "તમો કેમ અહીંયા આવ્યા છો ? જાઓ આ જીવાત્માને અમે યમપુરીમાં લઈ જવા નહિ દઈએ." ત્યારે યમના દૂતો કહે છે "હે સંતો ! આ દિવાને પાપો ઘણા કર્યા છે. અને તમારો સત્સંગી પણ નથી. એટલા માટે તમે અમને રોકો નહિ." સંતો અને યમદૂતનો સંવાદ દાદો દિવાન સાંભળતો હતો. યમદૂતોએ સંતોને વિનંતી કરીને કહ્યું.

"ત્યારે બોલીયા જમના દૂત કાલુ
શિદને કરો છો તૂત,
એહ જીવ છે કેદી તમારો, સર્વે
રીત્યે એ છે જો અમારો."

પછી દેહમાંથી જીવાત્માને કાઢીને યમપુરીમાં લઈ ગયા. સંતો પણ સાથે ગયા. ધર્મરાજાએ સંતોનું સન્માન કર્યું. અને બેસાડ્યા. બુરાનપુરમાં દિવાનનું મૃત્યુ થતા તેમની પત્નિ પણ પાછળ સતી થઈ એટલે તેના જીવને પણ જમપુરીમાં લાવ્યા. ચિત્રગુપ્તે તે જીવનું ખાતું જોયુ."

નહિ પુણ્ય ને પાપ અનંત, પુણ્ય
એટલું જમ્યા બે સંત.

ઘણા બધા સાધુ-બાવાને જમાડ્યા હતા. પરંતુ બધુ નિષ્ફળ ગયુ. કારણ કે તેઓ સાચા સંતો ન હતા. કેવળ બાહ્ય વેશ સાધુનો રાખી માલ-મલીદા ખાઈને એશ-આરામ કરનારા હોવાથી તેને જમાડવાનું પુણ્ય ન મળ્યુ. જે પંચવ્રતમાન પાળતા નથી તેવા સાધુઓને જમાડે, તેઓનું પૂજન કરે તો તે સર્વે નિષ્ફળ જાય છે. જેમ દાદા દિવાને ઘણા સાધુને જમાડ્યા હતા. પરંતુ ધર્મરાજાના ચોપડે તો ફક્ત બે સંતોને જમાડ્યાનું જ પુણ્ય લખાયું.

યમપુરીમાં ધર્મરાજાએ કહ્યું આ બન્નેના જીવને (બ્રાહ્મણ અને તેની પત્નિના) સ્વામિનારાયણ ભગવાન પાસે લઈ જાઓ.

"પછી મહારાજ પાસે બે લાવ્યા,
સંત હોય તેહ સંગ આવ્યા,
ત્યારે મહારાજ કહે સુણો જન, એણે
આપ્યુ છે તમને અન્ન,
માટે હમણા સુરપુર જાશે, પછી
વૈકુંઠનો વાસ થાશે,
તે દીઠું સર્વે સમાધિવાને, વળી જે
કહ્યું તે સુણ્યુ કાને."

યમરાજના આદેશથી બન્નેના જીવાત્માને ધામમાં લઈ ગયા. બન્ને સંતો પણ સાથે હતા ત્યારે મહારાજે સંતોને કહ્યું "તમોને આ જીવાત્માએ અન્ન આપ્યું છે. માટે તેઓ સ્વર્ગમાં જશે, ત્યાં થોડું રહીને વૈકુંઠમાં જશે અને

"કહે આજ થકી નવ વરસે, દાદો
સત્સંગમાં દેહ ધરશે,
થાશે સત્સંગી નારી ને નર, પછી
જાશે તે બ્રહ્મનગર."

નિષ્કુળાનંદ સ્વામી વિશ્વાસ સાથે કહે છે કે

"એ તો દીઠું છે અમારે નેણ, નથી
જુઠું એમા એકે વેણ."

સ્વામી કહે છે કે આ તો અમે નજરે જોયું છે અને એમાં અમે કોઈ ખોટું કહેતા નથી. માટે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે -

"સંત પરમ હિતકારી જગતમાહી
સંત પરમ હિતકારી."

જીવન પરિવર્તન કરે તે જ સત્સંગ

શા માટે ખુમારીથી, ગતિશીલ અને સ્ફૂર્તિમય જીવન ન જીવીએ, અને ચોતરફ હાસ્ય, પ્રશંસા અને પ્રસન્નતાના પુષ્પો ન વેરીએ ? આ માટે જરૂર છે જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન લાવવાની.

"સંગત બૂરી અસાધુકી, આઠોં હાર
ઉપાધિ."

કુસંગમાં ન પડવું તે તો માનવીના હાથની વાત છે.

સૌ કોઈ પરિવર્તન ઈચ્છે છે. જીવનને સુખી બનાવવા માટે જીવનપટને સચ્ચાઈ, સાદાઈ અને સંતોષના તાણાવાણા વડે ગૂંથી લેશો તે સુખ સામે પગલે તમને જ શોધતું આવશે. માનવી અને સાંસ્કૃતિક પરંપરાનું સંરક્ષણ અને સંવર્ધનનું અણમોલ કાર્ય સત્યપુરુષો, યુગ પુરુષો અને સંતો વર્તમાન કાળે કરી રહ્યા છે. સત્સંગ તો પ્રભુકૃપાથી જ મળે છે.


સત્સંગના પ્રબળ માધ્યમથી સંતો માનવ જીવનમાં નવચેતનાઓના સૂર પૂરે છે. માનવજીવનને પલ્લવિત કરે છે, મહેકતું કરે છે. ભક્તિમાં જો શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો ભક્તિ જીવનમાં સુગંધ ભરી દે છે. સત્પુરુષોની કે સંતોની એક દૃષ્ટિ માત્ર નિર્બળ માનવીને બળવાન બનાવી દે છે. જ્યારે પાપી માનવીને પશ્ચાતાપના સાગરમાં ઝબોળી શુદ્ધ કરી તેનો નવો જન્મ કરી દે છે. આ જન્મે જ તે નવો જન્મ ધરી અર્થાત્ જીવન પરિવર્તન કરી પોતે સુખી થાય છે, અને બીજાઓને પણ સુખી કરે છે.

આ પ્રમાણે સત્સંગની ફલશ્રુતિ અનેરી, અનોખી અને અલૌકિક છે. સત્સંગ સૌ કોઈને માટે કલ્યાણકારી છે. સંતો પોતાની અલૌકિક કળાઓ તથા ગુણોનો પોતાની મેળે સ્ફોટ કરતા નથી. સંતોના સમાગમ દ્વારા જ તેમનો લાભ મેળવી શકાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, "હરિનામમાં ખટકો રાખી પંચ વિષયને પટકો" શ્રીહરિની આજ્ઞાઓમાં ખટકો રાખનાર, સાવચેતી રાખનાર ખરેખર આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરો સર કરે છે. ગુણવાન સંતોનો સમાગમ કે સત્સંગ કર્યા વિના, તેમનામાં ભળી ગયા વિના, એકાકાર થયા વિના, એમનામાં રહેલા ગુણો આપણને મળતા નથી. ગુણીજનો સાથે એકરૂપ થયા વિના એમનામાં રહેલો ગુણવૈભવ કદી આપણો બનતો નથી.

શાસ્ત્રોમાં સત્સંગનો મહિમા સુપેરે ગાયો છે. માનવીને સુખ-શાંતિ પ્રાપ્ત કરવા માટે સત્સંગ જે અને સંત સમાગમને સર્વોત્તમ સાધન ગણ્યું છે. આ કળિકાળમાં સત્સંગ - પ્રાપ્તિ એ સદ્‌ભાગ્ય છે, સત્સંગ એ અમોઘ સાધન છે. જે પરિણામ સત્સંગનું છે, તેથી ઉલટું જ કુસંગનું છે એ કહેવાની હવે ભાગ્યે જ જરૂર રહે છે.

??????????????પ્રશ્નપેટી ??????????????



સાધુ ભક્તિનંદનદાસ ગુરુ પી.પી. સ્વામી (જેતલપુર ગુરુકુળ)

પ્રશ્ન : ૧ કઈ પાંચ જ્ઞાનેન્દ્રિય અંતઃકરણમાં કચરો ભરે છે ?

પ્રશ્ન : ૨ મુક્તાનંદ સ્વામીએ તુંબડીને રંગીને બહાર તડકે સુકવવા મૂકેલી, બપોરના સમયે સ્વામી માનસી પૂજા કરવા બેઠા તે વખતે મનમાં શું વિચારવા લાગ્યા ?

પ્રશ્ન : ૩ શરીર શાનું બને છે ?

પ્રશ્ન : ૪ "દર્શન આપો રે હવે દિનબંધુ કરુણા કરી....." આ પદના રચયિતા ?

પ્રશ્ન : ૫ દિનાનાથ ભટ્ટ દ્વારા રચાયેલ અને જેમાં ગુરુનો મહિમા વર્ણવ્યો છે તે સ્તોત્ર ક્યો ?

પ્રશ્ન : ૬ કળિયુગમાં મોક્ષ માટે સૌથી ઉત્તમમાં ઉત્તમ સાધન શું છે ?

પ્રશ્ન : ૭ લાલજી સુથાર આખો દિવસ કામ કરીને થાક્યા હોય પછી સાંજ પડે એટલે શેખપાટથી નીકળી ક્યાં જતા ? અને ત્યાં જઈ શું કરતા ?

પ્રશ્ન : ૮ વિણાને વગાડ્યા વગર એના તારમાંથી અખંડ "નારાયણ નારાયણ" નામનો ધ્વનિ ચાલુ રહે છે એવી વીણા કોની પાસે છે ?

પ્રશ્ન : ૯ જળને કેવી રીતે વાપરવું અને ક્યા જળનો ઉપયોગ શેમાં ન કરવો ? આ આજ્ઞા શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં શ્રીજી મહારાજે કરી છે ?

પ્રશ્ન : ૧૦ ડડુસરના ગલુજીના માતુશ્રી ધામમાં ગયા અને ભગવાન ઘરે પધાર્યા ત્યારે તેમણે શું કર્યું ?

ઓક્ટોમ્બર-૨૦૦૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક નં. ૧૩૯. (૨) "વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ". (૩) બ્રહ્માંડ પુરાણ, નારદીય પુરાણ, પદમપુરાણ, વામનપુરાણ, સ્કંધ પુરાણ, સામવેદ, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ, ગરૂડ પુરાણ, બ્રહ્મ પુરાણ, વરાહ પુરાણ ઈત્યાદિક ૧૮ પુરાણોમાં છે. (૪) સત્ય, શૌચ, દયા, તપ. (૫) સ.ગુ. દેવાનંદ સ્વામી. (૬) વચનામૃત ગ.પ્ર. ૫. (૭) "ઉધ્ધવજી હવે ઉચ્ચરો કરો વ્હાલાની વાત જે રે કરો તે જીવાડવા અમો છીએ અબળાની જાત". (૮) શ્રવણં, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદના, દાસભક્તિ, સખાભક્તિ, આત્મ નિવેદન ભક્તિ. (૯) મેનપુરના દેવજી ભગતનો દીકરો ધામમાં જતો રહ્યો તો તેમણે તેમના પત્નીને ગઢપુર મહારાજ પાસે ઘીનો ઘડો લઈને મોકલ્યા અને દેવજી ભગત ઘરને તાળુ મારીને વાડીમાં જતા રહ્યા. (૧૦) ફણેણીમાં રામાનંદ સ્વામીએ મોક્ષદા એકાદશીનો ઉત્સવ કર્યો અને માગસર સુદ-૧૩ના દિવસે દેહનો ત્યાગ કરી ભગવાનના અક્ષરધામમાં ગયા.

૧. પ.ભ. સોની ભગવાનદાસ વેલજીભાઈ (મોરબી)
૨. પ.ભ. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૩. પ.ભ. જ્યોત્સનાબેન રમેશચંદ્ર પટેલ (નાંદોલ)
૪. પ.ભ. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૫. પ.ભ. પટેલ ઉર્મિલાબેન ભરતભાઈ (નવાવાડજ)
૬. પ.ભ. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૭. પ.ભ. કંચનબેન, નિલેશ, શૈલેષ, રાહી (રતનપર, મૂળી)
૮. શાસ્ત્રી શ્રીરંગ સ્વામી (સિધ્ધપુર સ્વા. મંદિર)
૯. પ.ભ. પટેલ છગનભાઈ પરમાર (સુરત)
૧૦. પ.ભ. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૧. પ.ભ. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૧૧. પ.ભ. ગોરધનભાઈ આર. વાઘેલા (જામસર)

સત્સંગ સમાચાર

અમદાવાદ મંદિર માં ધનુર્માસ ધૂન મહોત્સવ

સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ સન્મુખ પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના રૂડા સાંનિધ્યમાં હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં તા.૧૫-૧૨-૦૪ ના રોજથી પવિત્ર ધનુર્માસનો શુભારંભ થતા પ્રાતઃકાળમાં "શ્રી સ્વામિનારાયણ મહામંત્ર" નામ સ્મરણથી સમસ્ત વાતાવરણ અતિ દિવ્ય બની જાય છે. કડકડતી ઠંડીમાં પણ નાના એવા બાળથી લઈ વયોવૃધ્ધ હરિભક્તો મંદિરમાં નિયમિત ધૂનમાં લાભ લેવા આવે છે. રંગમહોલ ઘનશ્યામ મહારાજ સન્મુખ, ત્યારબાદ સભા મંડપમાં ધૂનનો ધ્વનિ સારાય અમદાવાદ શહેર ને રોમાંચિત કરી દે છે. ધૂન લખાવનારા પણ લાભ લેવાનું ચૂકતા નથી. આખા માસની અને દૈનિક ધૂન ના ઘણા યજમાનો બન્યા છે અને બને છે. ખરેખર જીવનમાં આવુ સદ્‌ભાગ્ય મળવુ એ પણ મોટા ભાગ્યની વાત છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નિવૃત થયા પણ ધર્મ પ્રવૃતિમાં તો વિશેષને વિશેષ પ્રવૃત છે. તેઓશ્રીની નિયમિતતા તો દરેકને ધૂનમાં ખેંચી લાવે છે. દેવ અને આચાર્યશ્રીના દર્શન માટે હરિભક્તોને ખૂબજ તાન હોય છે. સભા મંડપમાં ધૂન પહેલા ગવેયા સંતો અને ભક્તો સુંદર રાગોમાં નંદ સંતોના કીર્તનોની રમઝટ બોલાવતા હોય છે. ત્યારબાદ ધૂન થાય છે. પૂજ્ય મહંત સ્વામી પ.પૂ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે વિદેશ ધર્મયાત્રામાં હોવાથી બંને કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી અને સત્યપ્રકાશદાસજી સ્વામીએ આ પ્રસંગે પોતાના કુશળતાપૂર્વકના માર્ગદર્શનથી ધૂનમાં સુંદર આયોજન ગોઠવ્યુ છે. સંતો, હરિભક્તો અને કોઠાર સ્ટાફ આદિ સૌ સેવામાં સહભાગી થયા છે.

(ધર્મપ્રકાશદાસ)

જેતલપુર મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ

શ્રી હરિના દિવ્ય ચરણોથી અતિ તિર્થોતમ ભૂમિ જેતલપુર ધામમાં શ્રી રેવતી બળદેવજી , હરિકૃષ્ણ મહારાજ ના રૂડા સાંનિધ્યમાં અને બંને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ધનુર્માસનો તા.૧૫-૧૨-૦૪ થી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનથી પ્રારંભ કરવામાં આવ્યો. સ.ગુ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી અને મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીની પ્રેરણાથી અનેક હરિભક્તોએ ધૂનમાં યજમાન બનવા સાથે ધૂનમાં લાભ લેવા પણ હજારોની સંખ્યામાં ઉમટે છે. સંસ્કૃત પાઠશાળાના સંતો અને મહંત સ્વામીના મંડળના સંતો અને જેતલપુર ગામ અને જેતલપુર દેશના ગામોના હરિભક્તો અને અમદાવાદ શહેરના હરિભક્તો શ્રી હરિ નામ સ્મરણનો દિવ્યાનંદ પ્રાપ્ત કરી ધનુર્માસમાં પુણ્ય કમાવા ઉત્સાહ અને શ્રધ્ધાથી લાભ લઈ રહ્યા છે.

(પૂજારી વ્રજવલ્લભદાસ)

કાંકરિયા (રામબાગ) મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કાળીચૌદશના શ્રી બાળસ્વરૂપ કષ્ટભંજન દેવ સમક્ષ મારૂતિ યજ્ઞ સુંદર રીતે સંપન્ન થયેલ.પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્‌ હસ્તે પૂર્ણાહૂતિ કરી હતી. ત્યારબાદ આચાર્ય સ્વરૂપની પ્રથમ ભવ્ય સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

લાભ પાંચમના શુભ દિને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલા બાલ સ્વરૂપ કષ્ટભંજન દેવનો પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શોડોપચાર વિધિ પૂર્વક અભિષેક કર્યો ત્યારે દાદાએ પોતાના ચરણના સૌને દર્શન કરાવીને પોતાની પ્રત્યક્ષતાનો સૌને અનુભવ કરાવ્યો હતો. જ્યાં ધર્મવંશી આચાર્યશ્રી એ જે સ્વરૂપ પધરાવ્યુ હોય તેમાં પ્રત્યક્ષ દેવ હાજરા હજુર હોય છે તે આ પ્રમાણ છે.

હરિભક્તોએ વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો. પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી, પૂજ્ય લાલજી મહારાજશ્રી અને પૂજ્યશ્રીરાજા પણ પોતાના કુળદેવતાના દર્શને પધાર્યા હતા. અને સૌને દર્શન-આશીર્વાદનો લાભ આપેલ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી અને કોઠારી આનંદ સ્વામીએ આ પ્રસંગે સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. પૂજારી દેવ સ્વામીએ ઠાકોરજીને અદ્‌ભૂત શૃંગાર ધરાવીને સૌને દર્શન કરાવ્યા હતા.

(પરેશ પટેલ)

હિંમતનગર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માગસર સુદ-૬ ના શ્રી ઘનશ્યામમહારાજનો પાટોત્સવ-અભિષેક ધામધુમથી સંપન્ન થયો હતો. મહંત શા. સ્વામી આનંદજીવનદાસજી ની પ્રેરણાથી પ.ભ. ખેમાભાઈ દેવાભાઈ તથા પ.ભ. જે. ડી. પટેલ યજમાન રહ્યા હતા. પૂજારી ધર્મકિશોર સ્વામીએ ઠાકોરજીના શૃંગાર-અન્નકૂટના સુંદર દર્શન કરાવ્યા હતા.

(પૂજારી સ્વામી)

ઇડર મંદિરમાં ઉજવાયેલ વિવિધ ઉત્સવો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદ-દાસજીની પ્રેરણાથી સુંદર સત્સંગ પ્રવૃતિ ચાલે છે. શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અન્નકૂટ આદિ કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ. શ્રી નરનારાયણ દેવના તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર કુકડીયા માં ભવ્ય અન્નકૂટ અને સત્સંગ સભા કરેલ. કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસે સભાને સુંદર ઉદ્‌બોધન કર્યુ હતું. (કોઠારી સ્વામી ઈડર)

સાપાવાડા મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ.ગુ. સ્વામી પ્રેમસ્વરૂપદાસજી (મૂળી) ની પ્રેરણાથી કારતક સુદ-૧૫ ના રોજ તુલસી વિવાહનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં ગામના સમસ્ત હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.

(પા. મુકુન્દભગત)

ધરિયાવદ (રાજસ્થાન)

તા. ૨૯-૧૧-૦૪ ના રોજ અત્રે જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી પ.ભ. મહેશભાઈ શર્માના "મહેશ ઓટોમોબાઈલ્સ " ના ઉદ્‌ઘાટન પ્રસંગે

પધારેલા તે પ્રસંગે એક સુંદર સભા નું આયોજન કરેલ. સ્વામીએ સર્વોપરિ મૂળ સંપ્રદાય અને ધર્મકુળ મહિમાની ઉપદેશાત્મક વાત કરી હતી. સેંકડો હરિભક્તો સભામાં લાભ લેવા પધારેલા. પૂજારી ભક્તિનંદનદાસે ઠાકોરજીની આરતી ઉતારીને શોરૂમ ખુલ્લો મૂક્યો હતો.

(અર્જુનસિંહ પવાર)

શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા

સર્વોપરિ સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રીહરિના ચરણારવિંદથી પાવન ભૂમિમાં દિવ્ય અને અતિ રમણીય મંદિર પૂર્ણ થયેલ છે. **જેમાં મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો તા. ૨૧-૧-૨૦૦૫ થી ૨૭-૧-૨૦૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી સંપન્ન થશે.** તો દરેક હરિભક્તોએ લાભ લેવો.

સંપર્ક :

મહંત સ્વામી વિજયપ્રકાશદાસજી
શ્રી પ્રભાહનુમાનજી મંદિર,
જમીયતપુરા, ફોન : ૨૩૯૭૧૩૪૫
શ્રી સ્વામિનારાયણ મંદિર,
નારાયણઘાટ, ફોન : ૨૫૬૨૫૯૧૮

વક્તાપુર (પ્રાંતિજ દેશ)

અત્રે આ ગામમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવની કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી હરિભક્તો ધનુર્માસમાં આપણા મંદિરમાં મહામંત્ર ધૂન અને કીર્તન ભક્તિનો કાર્યક્રમ કરે છે. (રણછોડભાઈ પટેલ)

ધ.ધુ.આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ ના સમાચાર

ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધો.-૮ માં અભ્યાસ કરતી કુ. સોની રવેતા બંસીલાલે તા.૨-૧૨-૦૪ ના પ્રાંગધ્રા મુકામે યોજાયેલ અન્ડર-૧૪ એથ્લેટિક્સ સ્પર્ધા (રાજ્ય કક્ષા-બાળ બહેનો) ઉંચી કૂદમાં દ્વિતીય સ્થાન મેળવી શાળા તથા સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

તે જ રીતે ઉપરોક્ત આપણી શાળામાં ધો.-૮ માં અભ્યાસ કરતી કુ. મેહલ ચેતનભાઈ શાહે ચાલુ વર્ષે દિલ્હી ખાતે રમાયેલ સબ જુનિયર ક્રિકેટ સ્ટેટ લેવલ (મહિલા) માં રમી પૂના ખાતે રમાયેલ નેશનલ સબ જુનિયર ક્રિકેટમાં નેશનલ ટીમમાં પસંદગી પામેલ છે. જેમણે શાળા અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. (આચાર્યશ્રી, શ્રી સહજાનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા)

વણઝર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ તાબાના અમદાવાદ જીલ્લાના સરખેજ પાસેના વણઝર ગામમાં શ્રી સ્વામિનારાયણ મંદિરનું નૂતન નિર્માણ થતા તા. ૩૦-૧૧-૦૪ના રોજ ભવ્ય શોભાયાત્રામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બિરાજીને સમસ્ત ગામમાં વિચરીને સૌને દર્શન આપ્યા તથા સત્સંગ સભામાં સૌને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧-૧૨-૨૦૦૪ ના શુભદિને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી હતી. સમસ્ત આયોજન સ્વામી સ્વયંપ્રકાશદાસજી ગુરુ સ્વા. શ્રીહરિદાસજી ની પ્રેરણાથી કરવામાં આવ્યુ હતું. (આર. સી. પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ

અત્રેથી ૩૫ ભાઈ-બહેનોએ તા.૧૮-૧૧-૦૪ થી ૨૧-૧૧-૦૪ પર્યન્ત જેતલપુર-ડભાણ-વડતાલની પદયાત્રા પરિપૂર્ણ કરી હતી. અને ભગવાનનો રાજીપો મેળવ્યો હતો. (શંભુભાઈ હી. પટેલ)

શ્રી સહજાનંદ ગુરુકુળ ઝીલવાણા (જી. પાટણ)

અત્રે આપણા શ્રી સહજાનંદ ગુરુકુળમાં સંચાલક શ્રી બ્ર. મહંતશ્રી વાસુદેવાનંદજી (છપૈયા) તથા પૂ.બ્ર. ગવૈયા સ્વામી રામકૃષ્ણાનંદજી અને સંત-મંડળ તેમજ ગુરુકુળ-સ્કુલ પરિવારે સભાનું આયોજન કર્યું હતું તેમાં શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન પર પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સપ્તમ આચાર્યપદે પદારૂઢ થયા તે ભવ્ય પ્રસંગ અને ઐતિહાસિક સંભારણા રૂપે પૂ. મહારાજશ્રીનો રાજીપો-પ્રસન્નતા અને સદૈવ તેઓશ્રી દ્વારા સત્સંગ વધુને વધુ વિકાસ પામે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીને સંતોએ સૌને મૂળ સંપ્રદાયની ખરી ઓળખ આપી હતી. અને સર્વેને ગાદી અભિષેકનો અતિ આનંદ આનંદ થયો હતો.

(આચાર્યશ્રી, ઝીલવાણા)

દેવદાકા ગોલીયા થોબાઉ (રાજસ્થાન)

અત્રે શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પર સપ્તમ આચાર્ય પદે પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પદારૂઢ થયા તે પ્રસંગે વાલી પ્રદેશ થોબાઉ, જેલાતરા, દાંતીવાસ, દેવદા કા ગોલીયા, વાટેરા, જોધાવા અને વાપા આદિ ગામોના હરિભક્તોમાં અતિ આનંદ અને ઉત્સાહ પ્રસરી ગયો હતો. સૌ હરિભક્તોએ વાલી મંદિર શ્રી રાધાકૃષ્ણ દેવ, હરિકૃષ્ણ મહારાજની છત્રછાયા માં રહીને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તીને સત્સંગ ની પ્રવૃતિ કરવા પ્રતિજ્ઞા લીધી હતી.

(હરનાથરામસુથાર, મોહનલાલ વાપા)

વાલી (રાજસ્થાન) મંદિરમાં યોજાયેલ યુવા શિબિર

અત્રે આપણા વાલી શ્રીસ્વામિનારાયણ મંદિરમાં તા. ૮-૧૦-૨૦૦૪ના રોજ પ.પૂ. મહારાજશ્રીની (લાલજી સ્વરૂપે) અધ્યક્ષતામાં સત્સંગ યુવાશિબિર યોજવામાં આવી હતી. આજુબાજુના ઘણા જ ગામોના યુવાનો શિબિરમાં જોડાયા હતા. પ્રથમ અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી અને પૂ. પી.પી. સ્વામીએ મારવાડના સત્સંગને શુદ્ધ અને નિષ્ઠાવાન શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર ગણાવીને સત્સંગની ખૂબજ પ્રશંસા કરી હતી. પ.પૂ. મહારાજશ્રી એ તો અત્રેના સત્સંગની નિષ્ઠા અને લાગણીને જોઈ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. અને દર ૬ માસે આવા કાર્યક્રમમાં પોતે પધારશે તેવું વચન આપ્યું હતું. અહીંના વિરમ ભગત ઓઝા ઉચ્ચ કોટીના ભગત થઈ ગયા છે. જેનો ઉલ્લેખ ભક્તિ ચિંતામણીમાં ૧૨૦માં પ્રકરણમાં છે. જેઓ સર્વોપરિ શ્રીજી મહારાજ સાથે ૧૮ વરસ

સેવામાં રહ્યા હતા. અને ૧૬૫ વરસ આયુષ્ય ભોગવીને થોડા વરસો પહેલા શ્રીહરિ તેમને ધામમાં લઈ ગયા. હાલ તેમના વંશજ જોધાવાસમાં ભવંરલાલ ખેતાજી ઓઝા અને અમરાજી ધનાજી ઓઝા હયાત છે. અત્રેના મહંત સ્વામી નિર્મળદાસજી સાધુ હરિપ્રસાદદાસ અને સંતમંડળ ઠાકોરજીની સેવા પૂજા કરે છે. સભાનું આયોજન અત્રેના મહંત સ્વામી અને બીલીયાના સંત મંડળે કર્યું હતું. (શા. વિજયપ્રકાશ)

મહેસાણા મંદિર

અત્રે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી મહંત સ્વા. નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સાથ સહકારથી તા. ૮-૧૦-૨૦૦૪ના સમૂહ મહાપૂજા અને સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં૧૫૦ જેટલા ભક્તો જોડાયા હતા. જેતલપુરથી મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી, મહંત કે.પી. સ્વામી અને શા. ઈશ્વર સ્વામી (ધરિયાવદ મહંત)એ સુંદર પ્રવચન કરીને સૌને લાભ આપેલ.

(મહંત સ્વામી ઉત્તમપ્રિયદાસજી)

દિલ્હી મંદિરમાં ૧૧મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ દિલ્હી ગુજરાત વિહાર ખાતે ૧૧મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ.ગુ. સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી તા. ૨૯-૮-૦૪ના રોજ સવારે ૮-૦૦ કલાકે સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજને મહાભિષેક શાસ્ત્રીશ્રી જીતુભાઈ ગોર (મૂળી) અને પૂજારી સંતો દ્વારા વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ. ત્યારબાદ સમૂહ મહાપૂજા વિધિ થઈ હતી. જેમાં મુખ્ય યજમાન પદે પ.ભ. શરદભાઈ ટાંક, પ.ભ. બિપીનભાઈ વડોદરીયા અને પ.ભ. જયંતીભાઈ પટેલ રહ્યા હતા. ઘણાંજ ભક્તોએ મહાપૂજાનો લાભ લીધો હતો. ત્યારબાદ અન્નકૂટ આરતી અને પ્રાસંગિક સભા થઈ હતી. નારણઘાટના નાના પી.પી. સ્વામીએ સુંદર કથાનું પાન કરાવ્યું હતું. છેલ્લે હરિભક્તોએ મહાપ્રસાદ લઈ પ્રસંગ પૂર્ણ થયો હતો. કો. ભૂપત ભગતે સુંદર સેવા બજાવી હતી. (માધવ સ્વામી)

મોખાસણમાં સત્સંગ સભા

અત્રે મોખાસણ ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-પ્રેરણાથી તા. ૬-૧૦-૦૪ ના રોજ વિશાળ સત્સંગ સભા યોજવામાં આવેલ. જેમાં વડુ, વિસનગર, મોટી આદરજ, કોઠા કરજીસણ, ડાંગરવા, કલોલ, ઝુંડાલ, ઓડા, વડાવસ્વામી, પાનસર, બોરીસણા, ધાનજ, રામનગર, ભાવપુરા, સઈજ, પલસાણા, સરઢવ અને ખોરજ આદિ ગામોના હરિભકતોએ સભાનો લાભ લીધો હતો. જેમાં મહંત સ્વા. ઈશ્વરજીવનદાસજી (ધરિયાવદ મહંત) આદરજથી રામ સ્વામી, અને વિસનગરથી પ.ભ. ઉદયનભાઈ મહારાજાએ સુંદર સભાને સંબોધીને મૂળ સંપ્રદાય તેની પરંપરા અને નિયમ, નિશ્ચય અને પક્ષની સમજણ પુરી પાડી હતી. અત્રેના શ્રી નવિનભાઈ, શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી જગદીશભાઈએ સારી સેવા બજાવી હતી. (શૈલેષભાઈ પટેલ)

કાલીયાણામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી

અત્રે ગામમાં ભાદરવા વદ-૧૧ના રોજ પ.પૂ. મહારાજશ્રી પૂ. લાલજી સ્વરૂપે પધાર્યા ત્યારે ગ્રામજનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને હરિભક્તોના ૬૦ ઘરોને પોતાના દિવ્ય ચરણોથી પાવન કર્યા હતા. હરિભક્તો પૂ. મહારાજશ્રીની પધરામણી કરાવીને અતિ ધન્ય બન્યા હતા. પ.ભ. કોઠારીશ્રી, પ.ભ. ભીખુભાઈ મોરી, પ.ભ. અરજણભાઈ મોરી અને પ.ભ. ડાયાભાઈ બૂટિયા આદિ સૌ આ પ્રસંગમાં પ્રેરણારૂપ રહ્યા હતા. અને ધનુર્માસમાં માગસર સુદ-૧૧ના ૧૨ કલાકની અખંડ ધૂન કરી હતી. ધનુર્માસમાં પ્રભાતફેરી ધૂન આદિ કાર્યક્રમો પ.ભ. ડાયાભાઈ બૂટિયાની પ્રેરણાથી કરવામાં આવ્યા હતા. (પ્રકાશ મોરી)

મહુન્દ્રા ગામે વ્યસન મુક્તિ કેમ્પ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રામાં (ચિલોડા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર નિર્માણ કામ ચાલુ છે. શા. હરિજીવનદાસ (ગુરુ શા. હરિકેશવદાસજી)ના માર્ગદર્શન મુજબ ગામમાં સત્સંગ અને મંદિર બન્ને નવ નિર્માણના પંથે છે. અહીં વ્યસન મુક્તિનો કેમ્પ યોજાયો હતો. તમાકુ, મસાલા, બીડી વગેરેથી થતા કેન્સર જેવા ભયંકર રોગોની સચિત્ર માહિતીથી પ્રેરાઈને ગામના ઘણા લોકોએ વ્યસનો છોડ્યા હતા. અને શ્રી નરનારાયણદેવના આશ્રિત થયા હતા.

(શા. હરિજીવનદાસ)

ડાંગરવા (વાંટો)

અત્રે આપણા મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પદારોહણ નિમિત્તે આસો સુદ-૧૪ને શરદોત્સવના શુભ દિવસે રાત્રે ૮ થી ૧૦ રાસ અને કીર્તન ભક્તિ અને આસો સુદ-૯ અને ૧૦ના ૪૮ કલાક મહામંત્ર ધૂન્ય કરવામાં આવી હતી. સૌ હરિભકતોએ હર્ષોલ્લાસ સાથે પ્રસંગને મનાવ્યો હતો. સમસ્ત ગ્રામજનોને ધર્મકુળનું અતિ માહાત્મય અને મહિમા છે.

(ડાભી મફાજી સરદારજી)

સંપ્રદાયનું ગૌરવ

પ.ભ. ઘનશ્યામભાઈ શાહના સુપુત્ર શ્રી સંજયભાઈ શાહ, એમ.બી.બી.એસ., એમ.એસ., ડી.એન.બી. (જનરલ સર્જરી)ને બી. રામમૂર્તિ ગોલ્ડ મેડલ (સર્જરી) માનનીયશ્રી રાષ્ટ્રપતિ એ.પી.જે. કલામના (પ્રેસિડેન્ટ ઓફ ઈન્ડિયા)ના વરદ્ હસ્તે ગત વર્ષે અર્પણ થતાં આપણે તેમને આ પત્રિકા દ્વારા અભિનંદન આપી ચુક્યા છીએ. તાજેતરમાં એશિયા/પેસિફિકના પ્રોફેશનલ હુઝહ માં પૃષ્ઠ ક્રમાંક ૩૭૦ પર તેમની સિદ્ધિઓની નોંધ લેવામાં આવી છે. જેમને ખૂબ ખૂબ અભિનંદન.

બાપુપુરા (માણસા)

અત્રે શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન હરિભકતો નિત્યે ધનુર્માસમાં કોઠારી જેશંગભાઈ ચૌધરી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો દિલીપભાઈ, બેચરભાઈ, જકિંતકુમાર, આશિષકુમાર વગેરે નાના મોટા સૌ ધૂનમાં લાભ લેવા આવે છે. મોટી સંખ્યામાં હરિભક્તો લાભ લે છે. છેલ્લા ૨૦ વર્ષથી અવિરત પ્રભાતફેરી

ગામમાં ફરે છે. આમ અત્રે ગામમાં સત્સંગની સુંદર પ્રવૃતિ ચાલે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ખૂબજ સારો ચાલે છે.

(પંડિત કાંતિભાઈ બાપુપુરા)

વિરમગામમાં બહેનોના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમકૃપાથી વિરમગામ શ્રી સ્વામિનારાયણ (બહેનોના) મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨-૧૨-૨૦૦૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી નરનારાયણદેવ તથા શ્રી રાધાકૃષ્ણદેવનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. તા. ૨૬-૧૧-૨૦૦૪ થી ૨-૧૨-૨૦૦૪ સુધી શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા હરિયાગ તથા અખંડ ધૂન જપયજ્ઞનું સુંદર આયોજન કર્યું હતું. કથાના વકતા સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ વાળા)એ વ્યાસપીઠ ઉપર બિરાજી સુંદર કથામૃતનું પાન કરાવ્યું હતું. પૂ. મહારાજશ્રીએ આશીર્વચન આપી કથાની પૂર્ણાહુતિ કરાવી હતી. (સાં.યો. આનંદીબા, સાં.યો. ગીતાબા)

મહિલા મંડળ

શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ વિરમગામ માગસર સુદ-૪ વચનામૃત જયંતીના રોજ સ્વામિનારાયણ (બહેનોના) મંદિરમાં ૩૫ વચનામૃતની પારાયણનું ૫ દિવસનું આયોજન કરેલ હતું. પારાયણની પૂર્ણાહુતિ તા. ૧૯-૧૨-૨૦૦૪ને રવિવારના રોજ પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાના વરદ્ હસ્તે કરેલ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ છેલ્લું વચનામૃત પોતાની અમૃતમય વાણીથી વાંચીને દરેક બહેનોને રસતરબોળ કરી દીધા હતા. અને દરેક બહેનોને આશીર્વચન પાઠવ્યા હતા.

શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની સભા દર એકાદશીએ રાત્રે બહેનોના મંદિરમાં રાખવામાં આવે છે. અને દર એકાદશીએ સવારમાં બહેનોની પ્રભાતફેરી પણ નીકળે છે.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રીના આશીર્વાદથી વિરમગામ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળમાં સત્સંગ ભક્તિ ઉત્તરોત્તર વૃધ્ધિ પામે છે. (સાં.યો. આનંદીબા, સાં.યો. ગીતાબા)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

દેરીયાળી (રણજીતગઢ)

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અહીંયા વર્ણીવેષે પધાર્યા હતા. અને અહીંના સરોવરમાં સ્નાન કરીને સિંગડીયા વછનાગની વેલ જમ્યા હતા. આવા દિવ્ય પ્રસાદીના સ્થળ પર સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજી સ્વરૂપ સ્વામી, ભક્તિ વિહારી સ્વામી, વિશ્વવિહારી સ્વામી અને ચરાડવા મંદિરના મહંત સ્વામી વતી વ્રજવલ્લભ સ્વામી આદિ સંતોએ કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

ચરાડવા મંદિર દ્વારા સત્સંગ પ્રવૃત્તિ

ચરાડવા મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી પ.ભ. વાઘજીભાઈને ત્યાં સત્સંગ સભા રાખેલ જેમાં શ્રીજીસ્વરૂપ સ્વામી અને મોરબીથી સંતોએ પધારીને કીર્તન ભક્તિ અને કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. આમ ચરાડવા ગામમાં અવારનવાર સત્સંગ સભા યોજવામાં આવે છે. મહંત સ્વામી જિષ્ણુચરણદાસજી સરસ આયોજન કરે છે.

(ચંદુલાલ જી. ચાવડા)

શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ

અત્રે તા. ૨-૧૦-૨૦૦૪ના ત્રિમાસિક સત્સંગ સભાનું આયોજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજી સ્વામી, ભક્તિવિહારી સ્વામી આદિ સંત મંડળે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો મૂળભૂત સિધ્ધાંત અને વ્યસન મુક્તિ વિષે સુંદર ઉદ્બોધન કરીને સૌને લાભ આપેલ.

(તારબુંદીયા ઠાકરસીભાઈ)

સુરેન્દ્રનગર મંદિરમાં યોજાયેલ રાસોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને મહંત સ્વામીની પ્રેરણાથી આસો સુદ-૧ થી શરદ પૂનમ સુધી અત્રે મંદિરમાં ભવ્ય રાસોત્સવ ઉજવાયો હતો. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો અને હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. (શૈલેન્દ્રસિંહ)

મકનસર મંદિરમાં પાટોત્સવની ઉજવણી

મકનસર (મૂળીદેશ) મંદિરમાં વિરાજતા શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે કારતક સુદ-૧ ના શુભ દિને ધામધુમથી ઉજવાયો.

અત્રે મંદિરના મહંત સ.ગુ. સ્વામી માધવચરણદાસજીની પ્રેરણાથી મોરબીના સાંખ્યયોગી શ્રી રાજકુંવરબા તથા સાં. ઉષાબાએ યજમાન બનીને સુંદર લાભ પ્રાપ્ત કર્યો હતો. તેઓશ્રીના આમંત્રણને માન આપીને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ખાસ પધારીને તમામ બહેનોને આશીર્વાદ આપ્યા હતા. તથા ઘણા સ્થાનોમાંથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા અંતર્ગત દશમ સ્કંધ કથાનું આયોજન કરાયું હતું. જેના વક્તાપદે શા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ કથાનો સુંદર લાભ આપ્યો હતો. પાટોત્સવના શુભ દિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધારીને પોતાના વરદ્ હસ્તે અભિષેક તથા અન્નકૂટ આરતી ઉતારીને સભામાં સમસ્ત ભક્તો તથા યજમાનને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ ઉત્સવ પ્રસંગે કોઠારી સ્વામી જયપ્રકાશદાસજી, પુરુષોત્તમપ્રકાશ-દાસજી તથા રાજેન્દ્રપ્રસાદ સ્વામીએ ભારે જહેમત ઉઠાવી હતી (પાર્ષદ પ્રવિણ ભગત)

વિદેશ સત્સંગ સમાચાર

બોલ્ટનમાં પ્રથમ ત્રિદિવસીય સત્સંગ શિબિર

અત્રે બોલ્ટન (U.K.) શહેરના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને ભુજ મંદિરના મહંત સ્વામીના આશીર્વાદથી તા. ૧૭ થી ૧૯, સપ્ટેમ્બર દરમ્યાન ત્રણ દિવસની સત્સંગ યુવા શિબિરનું આયોજન કરવામાં આવેલ. સંતોના સહકારથી બોલ્ટન, કાર્ડિફ અને ઓલ્ડહામના યુવક-યુવતીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને

ભાગ લીધો હતો. જેમાં વચનામૃત, કીર્તન ભક્તિ, શ્રીજી મહારાજે સ્થાપેલ નવ મંદિરો અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી - ગાદી સ્થાનનો મહિમા વગેરેની વિસ્તૃત માહિતી સાથે સમજણ આપવામાં આવી હતી. કાર્ડિફના પ.ભ. નારણભાઈ અને બોલ્ટનના પ.ભ. માવજીભાઈએ સારી સેવા બજાવી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ કૃપાથી અહીં સત્સંગની આવી સુંદર પ્રવૃત્તિ થઈ રહી છે. (મિતેશ વાલજીભાઈ હાલાઈ તથા હિરાલાલ રામજી ભૂડીયા)

શિકાગો (I.S.S.O.) મંદિરમાં તુલસી વિવાહ

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શા.સ્વા. ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી કારતક સુદ-૧૫ દેવ દિવાળીના તા.૨૬-૧૧-૦૪ના તુલસી વિવાહનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વરપક્ષના ઠાકોરજીના યજમાન પદે પ.ભ. રેવાભાઈ પટેલ અને કન્યા પક્ષના તુલસીમાતાના યજમાન પદે પ.ભ. હર્ષદભાઈ પટેલ રહ્યા હતા.

આ પ્રસંગના દર્શન કરવા હજારો ભાવિકો ઉમટ્યા હતા. પૂજારી સ્વામી શાંતિપ્રકાશદાસ અને હરિનંદનદાસે ચાતુર્માસની પાંચ આરતી કરીને સૌને દિવ્યાનંદ આપ્યો હતો. પૂ.મહારાજશ્રીની આજ્ઞાથી દર શનિવારે સત્સંગ સભા કરવામાં આવે છે. જે દ્વારા મૂળ સંપ્રદાયની સાચી સમજણ સૌને મળે છે. (શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ, શિકાગો)

બુવી મેરીલેન્ડ (I.S.S.O. વોશિંગ્ટન ચેપ્ટર)

અત્રે ૨ જી ઓકટોબરના શનિવારની સાંજના ૨-૩૦ કલાકે અને ૧૩ નવેમ્બરના શનિવારે સાંજના ૪-૦૦ કલાક (દિવાળી અન્નકૂટ દર્શન) અને સત્સંગ સભામાં ભજન કીર્તન-વચનામૃત વાચન અને થાળ-આરતી નિત્ય નિયમ કરવામાં આવેલ. ઘણાંજ હરિભક્તો સભામાં લાભ લેવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અહીં સત્સંગની સુંદર પ્રવૃતિ થાય છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર

(I.S.S.O., U.K.)

અત્રે આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરુપ ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલીરાજાશ્રી રાજા અત્રે આપણા બ્રાઈટન U.K. મંદિરમાં શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ બ્રાઈટન આયોજીત શિબિર પ્રસંગે પધારેલા. તેની પૂર્ણાહુતિ બાદ અત્રે તા. ૨૫-૧૨-૨૦૦૪ના દર્શનાર્થે પધાર્યા હતા.

લેસ્ટર મંદિરમાં આપણા સંતો સ્વામી રામકૃષ્ણદાસજી અને હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભાવપૂર્ણ સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા બાદ શ્રીહરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારીને સૌ હરિભક્તોને પ્રભાવિત કર્યા હતા. પ્રમુખશ્રી જયંતીભાઈએ સૌ હરિભક્તો વતી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પહાર પહેરાવી સ્વાગત કર્યું હતું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી રચિત છંદ પોતાના મધુર કંઠે સુંદર રાગમાં ગાઈને સૌ હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

સૌ હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીની સમૂહમાં આરતી ઉતારીને દર્શન કર્યા હતા. સાંજની સભામાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સૌ બહેનોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો.

(હેમરાજ ચોટલીયા લેસ્ટર મંદિર)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	પ.ભ. રાહુલકુમાર રવજીભાઈ પટેલ જન્મ દિવસ નિમિત્તે	ઓસ્ટ્રેલીયા
૧૦૦-૦૦	પ.ભ. આનલબેન પી. પટેલના જન્મદિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પ.ભ. આનલબેન પી. પટેલ નવુ એકટીવા સ્કુટર લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૫-૦૦	અ.નિ. ઉષાબેન સુભાષચંદ્ર કાછીયાની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા ગુણવંતભાઈ પુરૂસોત્તમદાસની તા. ૨૧-૯-૬૪ વર્ષગાંઠ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા ઘનશ્યામ પરસત્તમદાસ તા. ૨૪-૯-૭૦ વર્ષગાંઠ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦	પ.ભ. ચૌધરી ઘનશ્યામ રામભાઈ બી.એડ.માં એડમીશન મળ્યુ તે નિમિત્તે	આમજા
૧૦૦-૦૦	પ.ભ. વિષ્ણુભાઈ કે. મોદી શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કાંતાબેન રામભાઈના સુપુત્ર ચિ. કેતનના જન્મદિન નિમિત્તે	મોખાસણ
૧૦૧-૦૦	કુમારી હિનાબેન જશવંતભાઈ વેગડ પી.ટી.સી.ના પ્રથમ વર્ષમાં ૭૮%થી ઉત્તિર્ણ થયા તે નિમિત્તે	નવસારી
૧૦૧-૦૦	પ.ભ. મહેશ તથા મનોજ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. દિપક બળદેવભાઈ ટાંક બાબાના જન્મ નિમિત્તે	મીરારોડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. અરૂણાબેન સુરેશભાઈ ગોઠી નોકરીમાં બદલી થઈ તે નિમિત્તે	લખતર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ધાર્મિકકુમાર હીરાભાઈ છગનભાઈ નવું હોન્ડા સ્પેલેન્ડર લાવ્યા તે નિમિત્તે	રડોદરા
૧૫૧-૦૦	પ.ભ. કાનજીભાઈ ગાંડાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત

૧૦૦-૦૦	પ.ભ. ચૌધરી દીલીપભાઈ કાળાભાઈ છગનભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	મકાખાડ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ રાજનબેન કાળાભાઈ ધો.૧૨માં પાસ થયા તે નિમિત્તે	આણંદપુરા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મંગળભાઈ શીવરામ નવુ સ્કુટર ખરીદ્યું તે નિમિત્તે	ચાંદીસણા
૧૦૧-૦૦	પ.ભ. મોરી ગીરીશભાઈ જગાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦	પ.ભ. હાર્દિકકુમાર મનહરકુમાર પટેલ પી.ટી.સી.માં પ્રવેશ મળ્યો તે નિમિત્તે	ધનસુરા
૧૦૧-૦૦	પ.ભ. પૂનમભાઈ હીરાભાઈ પટેલ નવુ બાઈક તથા નવુ ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે	ધનસુરા
૨૦૧-૦૦	પ.ભ. પટેલ રમણભાઈ નારણદાસ તેમના પિતાશ્રીના સ્મરણાર્થે	માણેકપુર
૧૦૧-૦૦	પ.ભ. પઢારિયા ચંદુભાઈ જગમાલભાઈ સી.ટી. બજાજ બાઈક ખરીદ્યું તે નિમિત્તે	ગુંદિયાળા
૧૦૦-૦૦	પ.ભ. ગોવિંદભાઈ જે. ચાવડાના સુપુત્ર સહદેવસિંહના જન્મદિન નિમિત્તે	બળોલ-ભાલ
૧૦૧-૦૦	અ.નિ. ઘનશ્યામભાઈ એચ. ગજ્જર તા. ૩-૧૦-૦૪ના રોજ દશમી પૂણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ભૂમિકા કૌશલકુમાર અમીન લંડનમાં લગ્નગ્રંથીથી જોડાયેલ તે નિમિત્તે	મણીનગર
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર મુકેશકુમાર નગીનદાસ નવુ બાઈક ખરીદ્યું તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦	અ.નિ. સતીષચંદ્ર રમણલાલ પટેલના સ્મરણાર્થે	હાંસોલ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ રમેશભાઈ અંબાલાલ ચિ. હાર્દિકને વિકલાંગની શાળામાં (રાજ.) મા શિક્ષક તરીકે નોકરી મળી તે નિમિત્તે	ઝુંડાલ
૧૦૧-૦૦	પ.ભ. કા. પટેલ શૈલેષકુમાર જયંતીલાલ સ્વામિનારાયણ ફરસાણ હાઉસ નવી દુકાન શરૂ કરી તે નિમિત્તે	સાઠંબા
૧૫૧-૦૦	ચિ. વરૂણદેવ વિજયભાઈ પટેલ **BE Int. Es Tc** એન્જીનીયર થયા તે નિમિત્તે	બોઈસર-વસાઈ
૨૧૧-૦૦	પ.ભ. રમેશભાઈ આર. મેવાડા શ્રીહરિ પ્રસન્નાર્થે	બાપુનગર
૧૦૧-૦૦	પ.ભ. જીગરભાઈ હસમુખભાઈ ભાવસાર પુત્ર જન્મ નિમિત્તે	મહેસાણા
૧૦૦-૦૦	પ.ભ. શ્રીમતી રેનાબેન શૈલેન્દ્રકુમાર ભાવસાર પુત્રજન્મ નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦	પ.ભ. હંસાબેન ઘનશ્યામભાઈ પટેલ ઓપરેશન સફળ અને નોર્મલ રિપોર્ટ નિમિત્તે (કનીપુરવાળા)	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ઘનશ્યામભાઈ કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે	મારુસણા
૧૦૧-૦૦	પ.ભ. ઠાકોરભાઈ કે. પટેલ તથા વનલીલાબેન ટી. પટેલ પુલ્હાશ્રમની યાત્રા સફળ થઈ તે નિમિત્તે	ચલોડા-અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ગોકુલભાઈ સવજીભાઈ પટેલ તેમના બાપુજી તથા બાના સ્મરણાર્થે	બાપુનગર
૧૦૦-૦૦	પ.ભ. પટેલ જિજ્ઞેશકુમાર ઈશ્વરલાલ એલ.આઈ.સી. એજન્ટ નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦	પ.ભ. દેવેન્દ્રભાઈ નથુભાઈ કેસુર શ્રીજી પ્રસન્નાર્થે	મેઘાણીનગર
૫૫૫૧-૦૦	પ.ભ. પંડિત કાંતિભાઈ હાથીભાઈ ચૌધરી તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેકના આનંદમંગલ દિન અને શ્રી નરનારાયણદેવ દેશમાં ધર્માદા અભિયાનના શુભ પ્રારંભમાં શ્રી નરનારાયણદેવની પ્રસન્નાર્થે	બાપુપુરા (માણસા)
૧૦૧-૦૦	પ.ભ. પરેશભાઈ દામજીભાઈ વરૂ નવી બજાજ મોટર સાઈકલ લીધી તે નિમિત્તે	રાજકોટ
૨૫૧-૦૦	પ.ભ. માવજીભાઈ પરસોત્તમ (ધુળકોટવાળા)ના દીકરા તથા દીકરીના લગ્ન કર્યા તે નિમિત્તે	રાજકોટ
૨૦૧-૦૦	પ.ભ. સુરેશ મનસુખભાઈ ચૌહાણ ચિ. પ્રેમના પ્રથમ જન્મ દિવસ નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. ભગવાનભાઈ નારણભાઈ ટાંક (જોધપુરવાળા)ની સુપુત્રી મીનાના શુભ લગ્ન નિમિત્તે	રાજકોટ
૫૦૧-૦૦	પ.ભ. પ્રવિણભાઈ અને શૈલેશભાઈ ટી. પટેલ (શ્રધ્ધા કેસેટ કું. અમદાવાદ) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	વડુવાળા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શોભનાબેન પ્રવિણચંદ્ર મણીલાલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	પ.ભ. કીરીટભાઈ કાંતિલાલ કા. પટેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	બાલાસિનોર
૧૦૧-૦૦	પ.ભ. ચાવડા ઝીલ નરોત્તમભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. મોદી રોહિતકુમાર દશરથલાલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦	પ.ભ. ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ મનીષાબેનના ભાણાના જન્મ નિમિત્તે	કડી
૧૦૧-૦૦	પ.ભ. પટેલ ધૈર્યકુમાર નરેશભાઈ (ઈટાદરાવાળા) જન્મ દિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા હિરજીભાઈ વાલજીભાઈની સુપુત્રી ચિ. ઈન્દુના શુભ લગ્ન નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ આરિયંત દેવેન્દ્રભાઈ જન્મદિન પ્રસંગે	કુબડથલ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ દેવેન્દ્ર ગોરધનભાઈ નવો ટેલીફોન આવ્યો તે નિમિત્તે	કુબડથલ

૧૦૧-૦૦	પ.ભ. રાઠોડ પાર્વતીબેન વિરજીભાઈ (જીરાગઢવાળા) શ્રીજી પ્રસન્નાર્થે	કાંદીવલી મુંબઈ
૧૦૦-૦૦	પ.ભ. પ્રજાપતિ બટુકભાઈ એમ. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	બાવળા
૧૦૧-૦૦	પ.ભ. ટાંક હાર્દિકભાઈ સુભાષભાઈ (જીરાગઢવાળા) જન્મ દિવસ પ્રસંગે	મુંબઈ
૧૫૧-૦૦	પ.ભ. ગોપાલભાઈ મેઘજીભાઈ ટાંક (જીરાગઢવાળા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	મુંબઈ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ બ્રિજેશકુમાર નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૦-૦૦	પ.ભ. દશરથભાઈ મણીલાલ પટેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	(વડુવાળા) રાણીપ
૧૦૧-૦૦	પ.ભ. પુષ્પાબેન જી. ભગત અ.નિ. ગીરીશભાઈ સી. ભગતની છઠ્ઠી પૂણ્યતિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મધુસૂદન કે. ભગત (માસિક કાર્યાલય)ના પૌત્ર શ્રેયની તા. ૨૭-૧૨-૦૪ના રોજ પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ટાંક નારણભાઈ પોપટભાઈ (જીરાગઢવાળા) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગાદી પટ્ટાભિષેક પ્રસંગે	રાજકોટ
૧૦૧-૦૦	પ.ભ. બૂટીયા ડાહ્યાભાઈ ચેલાભાઈ નવી "આલ્ટો" ગાડી લાવ્યા તે નિમિત્તે	કાલીયાણા
૧૦૦-૦૦	પ.ભ. જુવાનસિંહ વાઘેલા પરિવાર ચિ. જયવિરસિંહના જન્મ નિમિત્તે	ખોડા
૧૦૦-૦૦	પ.ભ. જિયાણી નિમિષાબેન રવજીભાઈ જન્મદિવસ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. વણોલ નવનીતભાઈ ગીરીશભાઈ જન્મદિવસ નિમિત્તે	ગુંદીયાળા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ પ્રતિકભાઈ મનસુખભાઈ નવું બાઈક લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મનસુખભાઈ ગોરધનભાઈ નવુ એકટીવા સ્કુટર લીધુ તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ચોડવડીયા મનુભાઈ ડુંગરભાઈ નવી ગાડી-રીક્ષા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. કાછીયા ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ મગનભાઈ તળશીભાઈ જન્મદિન નિમિત્તે	ધનસુરા
૧૦૦-૦૦	પ.ભ. સિંધવ દીપુભાઈ નારણભાઈ (બળોલવાળા) ચિ. ભાવેશને પી.ટી.સી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦	પ.ભ. પોરીયા અશ્વિનભાઈ કાનજીભાઈ (જામસરવાળા) બેબીના જન્મ દિવસ નિમિત્તે	ઓલપાડ
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા છગનભાઈ રવજીભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સત્કાર સમારંભ નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. ચૌહાણ ભગવાનજી હિરજી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સત્કાર સમારંભ નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા ધરમશીભાઈ માવજીભાઈ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સત્કાર સમારંભ નિમિત્તે	વલસાડ
૧૦૧-૦૦	પ.ભ. કાંતાબેન પરબત શ્રીજી પ્રસન્નાર્થે	નારણપર-કચ્છ
૧૦૧-૦૦	પ.ભ. પીંડોરીયા ગોપાલ શીવજી શ્રીજી પ્રસન્નાર્થે	નારણપર-કચ્છ
૧૦૧-૦૦	પ.ભ. માનબાઈ દેવજી લાલજી સેંધાણી શ્રીજી પ્રસન્નાર્થે	નારણપર-કચ્છ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ રેવાભાઈ બહેચરભાઈ ચિ. કિરીટના સુપુત્ર ધ્રુમિલની બાબરી પ્રસંગે	લાલોડા
૧૦૧-૦૦	પ.ભ. માંડલીયા ગીતાબેન પંકજકુમાર શ્લોકના જન્મદિવસ નિમિત્તે	મણીનગર
૧૦૧-૦૦	પ.ભ. પટેલ વાડીલાલ મનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ જતીન દિનેશભાઈ નવુ બાઈક લીધું તે નિમિત્તે	કુહા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ જીતેન્દ્રકુમાર વલ્લભભાઈ નવુ ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે	સંતરામપુર
૧૦૧-૦૦	પ.ભ. રમાબેન, પ.ભ. રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ
૧૦૧-૦૦	પ.ભ. રૂપારેલીયા હસમુખભાઈ વિરજીભાઈ નિકોલમાં નવુ મકાન ખરીદ્યું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. કાંતિલાલ ચંદુલાલ પટેલ પ૮મી વર્ષગાંઠ નિમિત્તે	અમદાવાદ
૧૦૦૧-૦૦	પ.ભ. દિનેશકુમાર તુલશીભાઈ (ધરમપુરવાળા) (વિશાલ ટ્રેડર્સ) ચિ. એકતા તથા ચિ. વિશાલ તરફથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી અભિષેક પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. સાપરીયા હસમુખભાઈ રવજીભાઈ (ધુળકોટવાળા) બાબાના જન્મ નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	પ.ભ. મોરી ગીરીશભાઈ જગાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૦૧-૦૦	પ.ભ. પંચાલ ભારતીબેન પ્રવિણભાઈ ચિ. દિપીકા એમ.બી.બી.એસ.ના પ્રથમ વર્ષમાં ફર્સ્ટક્લાસ પાસ થઈતે નિમિત્તે	નવાવાડજ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ સતીષકુમાર પ્રવિણભાઈ ચિ. બાબાના તા. ૪-૧૦-૦૪ના જન્મ પ્રસંગે	વક્તાપૂર
૧૦૧-૦૦	પ.ભ. એસ.એમ. પટેલ ઓપરેશન સફળ થયુ તે નિમિત્તે	નવાવાડજ
૫૦૧-૦૦	પ.ભ. પટેલ નવિનભાઈ બળદેવભાઈ મોહનભાઈ શ્રી નરનારાયણદેવ સમક્ષ રૂપીયાથી તુલા કરી તે નિમિત્તે	રામગઢ મુળીદેશ
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર રમણલાલ હરગોવિંદદાસ નવી મોટર લીધી તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦	પ.ભ. શૈલેષભાઈ ચીનુભાઈ પટેલ તરફથી રતીલાલ રામદાસના મોક્ષાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. શૈલેષભાઈ ચીનુભાઈ પટેલ નવો ફ્લેટ ખરીદ્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મધુસુદન કે. પટેલ નવુ બાઈક લીધું તે નિમિત્તે	શાહીબાગ
૧૫૧-૦૦	પ.ભ. છગનલાલ મુરજીભાઈ રાઠોડ (જીરાગઢવાળા) ચિ. દિવ્યાની સગાઈ ચિ. હસમુખ સાથે કરી તે નિમિત્તે	મુંબઈ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ કાંતાબેન રતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૧૫૧-૦૦	પ.ભ. પટેલ સુરેશભાઈ ભલાભાઈ (જમીયતપુરા) પ્રભા હનુમાન મંદિરમાં મારૂતિ યજ્ઞ કર્યો તે નિમિત્તે	જમીયતપુરા
૧૦૦-૦૦	પ.ભ. કાછીયા હર્ષદભાઈ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે	બાલાસિનોર
૨૫૧-૦૦	પ.ભ. પટેલ ભીખાભાઈ તથા ભોગીલાલ પરિવાર (કરજીસણવાળા) અ.નિ. માધવલાલની પ્રથમ પૂણ્યતથિ નિમિત્તે	અમેરિકા
૨૫૧-૦૦	પ.ભ. પટેલ અશ્વિનભાઈ ભીખાભાઈ (કરજીસણવાળા) દીયાના જન્મ દિવસ નિમિત્તે	અમેરિકા
૨૫૧-૦૦	પ.ભ. પટેલ હિતેશકુમાર રમણલાલ (કરજીસણવાળા) ચિ. કુશના જન્મદિવસ નિમિત્તે	અમેરિકા
૧૦૧-૦૦	પ.ભ. ભાવસાર દિનેશચંદ્ર કાંતિલાલના જન્મ દિવસ તથા પચાસ વર્ષ પુરા થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ખેર માવજીભાઈ જી. (બળોલવાલા) શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ગાંગાણી અરવિંદ વેલજીભાઈના બાબાના જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ શશીકાંત રવજીભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ કાળીદાસ મોહનદાસ તેમના પૌત્રના શુભ જન્મ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ હાર્દિકકુમાર દશરથભાઈ (વડુવાળા) નવું બાઈક લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. ઠક્કર બંસીભાઈ સોમચંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૪૦૫-૦૦	પ.ભ. પટેલ બિપીનભાઈ નટવરભાઈ કાળીદાસ શ્રીજી પ્રસન્નાર્થે	સોજા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ અલ્કેશકુમાર ભીખાભાઈ કાળીદાસ નવુ સ્કુટર ખરીદ્યું તે નિમિત્તે	સોજા
૩૦૧-૦૦	પ.ભ. પંકજભાઈ ઠક્કર જુનુ મકાન વેચી નવો બંગલો બોપલમાં લીધો તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	પ.ભ. પટેલ મુકેશભાઈ કાંતિલાલ દિવાળી પર્વ નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	પ.ભ. પટેલ પૂનમ ધરમશીભાઈ સગાઈ પ્રસંગે	ઘાટલોડીયા
૩૦૧-૦૦	પ.ભ. જેઠાલાલ શામળભાઈ ચાવડા અમદાવાદ મંદિર તરફથી પ્રસંગોપાત આવતા આમંત્રણ પત્રિકા અનુદાન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. મનુભાઈ ગણપતરામ પરિવાર તરફથી નૂતન વર્ષ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. ભગવતીબેન હસમુખભાઈ (ઘી-વાળા) શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦	પ.ભ. પટેલ સતીષચંદ્ર ગોબરદાસ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૧૧-૦૦	પ.ભ. પ્રજાપતિ કરસનભાઈ એસ. ચિ. અશ્વિન તથા ચિ. રીટાના શુભ લગ્ન પ્રસંગે	અમરાઈવાડી
૨૦૧-૦૦	પ.ભ. પટેલ ચુનીલાલ લલ્લુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ (રામોલ)
૧૦૧-૦૦	જયદિપ ઘનશ્યામભાઈ ચાવડા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી ટર્ફસ્કુલમાં પ્રમોશન અને ફોન આવ્યો તે નિમિત્તે	બળોલવાળા

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ- અમરાઇવાડી : પ.ભ. ડાહ્યાલાલ નાથાલાલ (ભગત) મોદી તા.૨૯-૧૧-૦૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-મેઘાણીનગર : પ.ભ. મોહનભાઈ જસમતભાઈ પટેલ તા.૧૯-૧૨-૦૪ ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-ઇસનપુર : પ.ભ.રાજેશકુમાર પ્રહલાદભાઈ ચૌહાણ તા.૨૬-૧૦-૦૪ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ-(હર્ષદ કોલોની, બાપુનગર) : શ્રી નરનારાયણ દેવના અનન્ય નિષ્ઠાવાન (હર્ષદ મંદિરના નિવૃત પૂજારી) પ.ભ. મોહનભાઈ રાઘવભાઈ હુમ્મર (૭૮૩ વર્ષ) તા. ૧૨-૧૨-૦૪ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સોજા (તા.કલોલ, જી-ગાંધીનગર) : પ.ભ. લક્ષ્મણભાઈ જોઈતારામ પટેલ (માજી ટ્રસ્ટી મંદિરના) ના મોટાભાઈ પ.ભ. કચરાભાઈ જોઈતારામ પટેલ તા. ૧૧-૧૧-૦૪ ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. દિપકકુમાર કેશવલાલ ભાવસાર તા. ૫-૧૧-૦૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વિરમગામ : ગં.સ્વ. રૂક્ષ્મણીબેન મણીશંકર પાઠક શ્રી હરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ગોધરા (પંચમહાલ) : અત્રે મંદિરના કોઠારી અને અગ્રગણ્ય હરિભક્ત પ.ભ.ઘનશ્યામભાઈ નગીનભાઈ પટેલના ધર્મ પત્નિ અ.સૌ. મંજુલાબેન તા. ૨૮-૧૦-૦૪ ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



જેતલપુર અક્ષર મહોલવાડી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં સરસ્વતી પૂજન કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયામાં મારૂતિયજ્ઞની પૂર્ણાહુતિ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી



ગવાડા (તા.વિરમગામ) ગામે પારાયણ પ્રસંગે મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



ધનુર્માસ દરમ્યાન દરરોજ પરોઢિયે થતી ભગવાન શ્રી સ્વામિનારાયણની મંગલકારીધૂન સમયે હજારો હરિભક્તોથી ખીચોખીચ અમદાવાદ મંદિરનો સભામંડપ



વિરમગામ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોના) માં મૂર્તિપ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



Prafull Kharsani

નવા વણઝર (સરખેજ) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરિ શ્રીહરિની દિવ્ય મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી